ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ



યુનિવર્સિટી મુખપત્ર

# જ્ઞાનગંગા

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું

### ગીત

વહે નર્મદા સાબરમતી ને ભાદર તાપી માત
દશે દિશામાં નાદ ગૂંજતો જય ગુજરાતી જય ગુજરાત ॥

આંબેડકર વિદ્યાધામ એટલે ખુલ્લાં નભનું ગીત
નહી છાપરાં, નહી દીવાલો આભથી વરસે પ્રીત ॥

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મ્હેકે ॥

ઘેર બેઠાં સંભળાઈ રહ્યાં છે વાગીશ્વરીનાં ગાન
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન ॥

શારદીય અજવાળાં પહોંચ્યાં છેવાડાને ગામ
જે જંગલના સરનામે પહોંચ્યાં શબરી પાસે રામ ॥

છાપરે ઢાંક્યાં પરબનાં પાણી ઝરણાનાં પાણી ખુલ્લાં
તમે તમારા ગુરુ બનો તો નહી પંડિત નહીં મુલ્લા ॥

ઘેર બેઠા ગંગા આવી ગઈ ભીંજવે એના હેત
મયૂર માફક નાચો; અવસર બની સમયની રેત ॥

= અનિલ જોષી

દરેક યુનિવર્સિટીનું ગીત હોય છે. તેને ધ્યાનમાં રાખીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગીત રચનાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ શ્રી અનિલભાઈ જોષીને આ કામગીરી સોંપવામાં આવેલ હતી. શ્રી અનિલભાઈ જોષીએ યુનિવર્સિટીના ઉદ્દેશો અને કામગીરી તથા વિશેષ કરીને રાજ્યની સંસ્કૃતિને ધ્યાને લઈને ગીતની રચના કરી યુનિવર્સિટીની મુલાકાત દરમ્યાન તા.૧૭-૧૨-૦૯ના રોજ યુનિવર્સિટીના કુલપતિશ્રીને સોંપેલ. ગીત તૈયાર થતાં યુનિવર્સિટી પરિવાર હર્ષની લાગણી અનુભવે છે.

વર્ષ=૩ અંક=૧૨ ડિસેમ્બર ૨૦૦૯
(ફક્ત આંતરિક વિતરણ)

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ



## યુનિવર્સિટી મુખપત્ર

# જ્ઞાનગંગા

### ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું

### ગીત

વહે નર્મદા સાબરમતી ને ભાદર તાપી માત
દશે દિશામાં નાદ ગૂંજતો જય ગુજરાતી જય ગુજરાત ॥

આંબેડકર વિદ્યાધામ એટલે ખુલ્લાં નભનું ગીત
નહી છાપરાં, નહી દીવાલો આભથી વરસે પ્રીત ॥

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગ્હેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મ્હેકે ॥

ઘેર બેઠાં સંભળાઈ રહ્યાં છે વાગીશ્વરીનાં ગાન
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન ॥

શારદીય અજવાળાં પહોંચ્યાં છેવાડાને ગામ
જે જંગલના સરનામે પહોંચ્યાં શબરી પાસે રામ ॥

છાપરે ઢાંક્યાં પરબનાં પાણી ઝરણનાં પાણી ખુલ્લાં
તમે તમારા ગુરુ બનો તો નહી પંડિત નહીં મુલ્લા ॥

ઘેર બેઠા ગંગા આવી ગઈ ભીજવે એના હેત
મયૂર માફક નાચો, અવસર બની સમયની રેત ॥

- અનિલ જોષી

દરેક યુનિવર્સિટીનું ગીત હોય છે. તેને ધ્યાનમાં રાખીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગીત રચનાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ શ્રી અનિલભાઈ જોષીને આ કામગીરી સોંપવામાં આવેલ હતી. શ્રી અનિલભાઈ જોષીએ યુનિવર્સિટીના ઉદ્દેશો અને કામગીરી તથા વિશેષ કરીને રાજ્યની સંસ્કૃતિને ધ્યાને લઈને ગીતની રચના કરી યુનિવર્સિટીની મુલાકાત દરમ્યાન તા.૧૭-૧૨-૦૮ના રોજ યુનિવર્સિટીના કુલપતિશ્રીને સોંપેલ. ગીત તૈયાર થતાં યુનિવર્સિટી પરિવાર હર્ષની લાગણી અનુભવે છે.

વર્ષ-૩ અંક-૧૨ ડિસેમ્બર ૨૦૦૮
(ફક્ત આંતરિક વિતરણ)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ



## યુનિવર્સિટી મુખપત્ર

# જ્ઞાનગંગા

### ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું

### ગીત

વહે નર્મદા સાબરમતી ને ભાદર તાપી માત
દશે દિશામાં નાદ ગૂંજતો જય ગુજરાતી જય ગુજરાત ॥

આંબેડકર વિદ્યાધામ એટલે ખુલ્લાં નભનું ગીત
નહી છાપરાં, નહી દીવાલો આભથી વરસે પ્રીત ॥

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગ્હેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મ્હેકે ॥

ઘેર બેઠાં સંભળાઈ રહ્યાં છે વાગીશ્વરીનાં ગાન
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન ॥

શારદીય અજવાળાં પહોંચ્યાં છેવાડાને ગામ
જે જંગલના સરનામે પહોંચ્યાં શબરી પાસે રામ ॥

છાપરે ઢાંક્યાં પરબનાં પાણી ઝરણનાં પાણી ખુલ્લાં
તમે તમારા ગુરુ બનો તો નહી પંડિત નહીં મુલ્લા ॥

ઘેર બેઠા ગંગા આવી ગઈ ભીજવે એના હેત
મયૂર માફક નાચો, અવસર બની સમયની રેત ॥

- અનિલ જોષી

દરેક યુનિવર્સિટીનું ગીત હોય છે. તેને ધ્યાનમાં રાખીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગીત રચનાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ શ્રી અનિલભાઈ જોષીને આ કામગીરી સોંપવામાં આવેલ હતી. શ્રી અનિલભાઈ જોષીએ યુનિવર્સિટીના ઉદ્દેશો અને કામગીરી તથા વિશેષ કરીને રાજ્યની સંસ્કૃતિને ધ્યાને લઈને ગીતની રચના કરી યુનિવર્સિટીની મુલાકાત દરમ્યાન તા.૧૭-૧૨-૦૮ના રોજ યુનિવર્સિટીના કુલપતિશ્રીને સોંપેલ. ગીત તૈયાર થતાં યુનિવર્સિટી પરિવાર હર્ષની લાગણી અનુભવે છે.

વર્ષ-૩ અંક-૧૨ ડિસેમ્બર ૨૦૦૮
(ફક્ત આંતરિક વિતરણ)

એમની માનસિક = વૈચારિક પ્રતિમા ઘણી ઊંચી હતી = એ આપણા મનમાં રહેવી જોઈએ. ખરેખર વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભગવદ્‌ગીતાની જે પ્રકારની મહિમા આપણી સંસ્કૃતિમાં છે એ જ પ્રકારની 'હિંદ સ્વરાજ'ની પણ છે. એ રીતે એનું વાચન = માત્ર વાચન નહીં, ચિંતન કરવું જોઈએ. ગાંધીજી આધુનિકીકરણ તથા ઉપભોક્તા સંઘર્ષના વિકલ્પો શોધતા હતા અને તે વિકલ્પોનું આલોચનાત્મક અધ્યયન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રો.સિતાંશું જેવા વિચક્ષણ સર્જક-વિદ્વાન પરિસંવાદના મુખ્ય વક્તા છે એ અંગે એમણે આનંદ વ્યક્ત કર્યો હતો.

**બીજું વક્તવ્ય : ગાંધીજીનું સાચું અર્થઘટન અને નવી દૃષ્ટિ**

ડૉ. સિતાંશું યશશ્ચંદ્રે મુખ્ય વક્તવ્યની શરૂઆતમાં જ કહ્યું કે ગાંધીજીને નવેસર, નવી નજરે જોવા પડશે. તો જ જોયું કહેવાશે. ગાંધીજી અવસાન પછી આખા વિશ્વમાં અનિવાર્યપણે પ્રસરી ગયા છે. એ ગાંધીજીને આપણે એમના વિચારોના સાદા-સીધા અર્થઘટનથી તો સીમિત કરી દઈશું. આવું અર્થઘટન જોખમી થશે. કલા, જીવન, વિચાર એ બધાની ચીલાચાલુ, સપાટ વ્યાખ્યાઓ ન કરી શકાય. એ બધાની સ્થૂળતાઓને જમીનમાં ધરબી દેવી પડે. એ બીજ બને એ જરૂરી છે = તો એમાંથી રૂપાંતર પામેલો છોડ અને વૃક્ષ પ્રગટ થશે. બીજ રૂપે દટાઈને અંકુરિત થવું એ જ ગાંધીજીનું અને નેલ્સન મંડેલા જેવાનું જીવનકાર્ય હતું.

કલા કે જીવન કે સત્ય હાથમાં રમાડી શકાય એવી ચીજ નથી. ગાંધીજીએ સત્યના 'પ્રયોગો' કર્યા છે એ કહેતા કે, 'સત્ય મને સાંપડી ગયું નથી' સત્યની સતત નજીક જવાની એ કોશીશ કરતા હતા.

પ્રો.સિતાંશુનું વક્તવ્ય નક્કરતાવાળું અને વળી વિચારોત્તેજક હતું. પરિસંવાદની ઉત્તમ શરૂઆત થઈ ચૂકી હતી.

**પ્રથમ બેઠક : વ્યાપક વ્યાખ્યાનો**

ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક અને ગ્રામઅર્થશાસ્ત્રના સક્રિય અભ્યાસી ડૉ.સુદર્શન આયંગરે 'ગાંધીજીના ગ્રંથોનાં વૈચારિક પરિમાણો અને પ્રસ્તુતતા' વિશે વાત કરતાં ગાંધીજીના કિશોરકાળથી થયેલા ઘડતરને લાક્ષણિક રીતે મૂકી આપ્યું હતું.



વ્યાખ્યાન આપતા ડૉ. સુદર્શન આયંગર (માન. કુલનાયક શ્રી ગુજરાત વિદ્યાપીઠ)

નાની વયે હરિશ્ચંદ્ર વિશેનું નાટક જોઈને સત્ય વિશે એમને વિચાર આવેલો કે 'બધા હરિશ્ચંદ્ર કેમ ન થાય ?' માત્ર પોતે હરિશ્ચંદ્ર જેવો સત્યવાદી થાય એમ નહીં, પણ બધા. આ સર્વને આવરી લેવાનો દૃષ્ટિકોણ એ એમનો સ્વસ્થ સમાજનો = સક્રિય અને જવાબદાર સમાજનો ખ્યાલ હતો.

માતાને આપેલા વચનનું પાલન કરવાનું થયું ત્યારે અને દક્ષિણ આફ્રિકામાં એમને ટ્રેનમાંથી ઉતારી દેવાયા ત્યારે પણ એમણે વ્યક્તિગત બાબત કરતાં વિશેષ તો એક વ્યાપક ઘટના તરીકે લીધી એ ગાંધીજીની મુખ્ય ઓળખ છે ને એ એમના વિચારોની, આજની સ્થિતિમાંય પ્રસ્તુતા છે.

ગાંધીજીના ગ્રંથોનાં 'સ્વરૂપ, ભાષાવિશેષો અને પ્રભાવકતા' પર વક્તવ્ય કરતાં જાણીતા વિવેચક ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળાએ કહ્યું કે એમના વિચારો તો વિશિષ્ટ હતા જ 'એ જ્યાં તાકે છે ત્યાં કોઈએ તાક્યું હોતું નથી' = પણ એમણે વિચારોને સતત લખ્યા છે. જે બોલ્યા એ પણ સતત લખ્યું છે. એમનું ગદ્ય એ આમ તો રાજકારણ ને પત્રકારત્વનું ગદ્ય છે પણ એ ધીમે ધીમે પળોટાતું ગયું ને છેવટે, બ.ક.ઠાકોરે લખ્યું છે એમ, ઉત્તમ ગદ્યકારોના ગદ્ય જેવું બન્યું છે. કોઈએ કહ્યું છે એમ ગાંધીજી ટૂંકાં વાક્યોના કલાકાર છે. 'હિંદ સ્વરાજ'માં જે વાચક = અધિપતિ વચ્ચેનો સંવાદ છે એ મૂળ 'એપોલોજી' માંથી ઊતર્યો હોય એવો છે. દૃષ્ટાંતો ટાંકીને એમણે બતાવ્યું કે, બોલાતી ગુજરાતી ભાષાની કેવી કેવી ખાસિયતો એમના ગદ્યમાં ઊતરી છે = ને એ પ્રકારની પ્રભાવકતા એણે ઊભી કરી છે.

**બીજી બેઠક : ત્રણ કૃતિઓ વિશે ત્રણ વક્તવ્યો**

ભોજનવિરામ પછીની બપોરની બેઠકમાં 'હિંદ સ્વરાજ' વિશે ડૉ. કુમારપાળ દેસાઈએ, 'આત્મકથા' વિશે ડૉ.ચંદ્રકાન્ત શેઠે તથા 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' વિશે શ્રી જિતેન્દ્ર દેસાઈએ અભ્યાસપૂર્ણ વક્તવ્યો આપ્યાં. ડૉ. કુમારપાળ દેસાઈએ 'હિંદ સ્વરાજ'ને એક મહત્ત્વની ઘટના તરીકે = સુધારા વગેરે આક્રમણો સામે તીવ્ર જવાબ આપતી ઉચિત પ્રતિક્રિયા તરીકે ગણાવીને એની ભાષાને દૃઢ સંકલ્પવાળી, પ્રવાહી, ટૂંકાં વાક્યોવાળી, લોકોક્તિઓવાળી ગણાવી. ડૉ.ચંદ્રકાન્ત શેઠે કહ્યું કે, આત્મકથાને ગાંધીજી 'સત્યના પ્રયોગો' કહે છે ત્યારે એ પ્રયોગોના મૂલ્ય સામે જોવાનું છે. એ એક સુખદ ચમત્કાર છે. તે વખતની યુરોપીય ફૅશનથી શરૂઆત કરનાર ગાંધીજી ક્યાંના ક્યાં પહોંચી ગયા = જેના હાથમાં વાયોલિન હતું એના હાથમાં રેંટિયો કેવી રીતે આવી ગયો, વગેરે = એ મહત્ત્વનું છે. એ બન્યું ગાંધીજીની આત્મલગનીથી. એ રીતે 'આત્મકથા' એ ઉત્ક્રાંતિની કથા છે. એ આત્માની કથા કરતાં સત્યની કથા વધારે છે, ને એમાં સાહિત્યિકતા કરતાં પ્રેરકતા વિશેષ છે.

ગાંધીજીના ગ્રંથોના પ્રકાશન સાથે સતત સંકળાયેલા નવજીવન ટ્રસ્ટના ટ્રસ્ટી અને અભ્યાસી શ્રી જિતેન્દ્ર દેસાઈએ

ગાંધીજીના ગ્રંથની વાતો કરવા ઉપરાંત ગાંધીજીના સમગ્ર 'અક્ષર દેહ'ની પણ કેટલીક જાણવા જેવી વાતો કરી. એમણે કહ્યું કે ગાંધીજીના મુદ્રિત શબ્દોની સંખ્યા દોઢથી પોણા બે કરોડ જેટલી છે ને એમણે વ્યાપક વિચારથી લઈને પત્રોના અંગત, વ્યક્તિગત વિચાર સુધીનું લખ્યું છે. ગાંધીજીના કાર્યને સમજવા માટે 'આત્મકથા' કરતાંય વધુ સામગ્રી અને હકીકતો 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ'માં પડેલી છે એ વાત પર ધ્યાન ખેંચીને એમણે પોતાનું વક્તવ્ય પૂરું કર્યું.

**સમાપન બેઠક : ચર્ચા**

સમાપન બેઠકના આરંભે પ્રો.રમણ સોનીએ કહ્યું કે સાચે જ આપણો અનુભવ આનંદનો રહ્યો ને નવી દૃષ્ટિએ થયેલું મૂલ્યાંકન એ આપણી ઉપલબ્ધિ છે. પરંતુ, પરિસંવાદ એટલે માત્ર વક્તવ્યો જ નહીં. જો ચર્ચાને અવકાશ ન મળે તો પરિસંવાદ હિસારૂપ બની રહે છે. ચર્ચામાં પ્રો. ઉષાબહેન ઉપાધ્યાય, શ્રી સોનલ પરીખ, શ્રી અજય રાવલ વગેરે તેમજ સૌ વક્તાઓએ ભાગ લીધો અને એ રીતે સમાપન પૂર્તિરૂપ બન્યું. કાર્યક્રમના અંતે શ્રી હરદ્વાર ગોસ્વામીએ આભારદર્શન કર્યું.

એક વિશિષ્ટ પરિસંવાદ સંતોષ આપે એ રીતે સંપન્ન થયો.

**ચેતના શાહ ભરતજી ઠાકોર**

## સેમિનાર : 'સામાજિક વિજ્ઞાન : ભારતીય પરિપ્રેક્ષમાં'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ભારતીય સમાજ વિજ્ઞાન પરિષદ દ્વારા તા. 20 અને 21 Dec 2008 ના રોજ ગુજરાત શૈક્ષણિક શોધ અને પ્રશિક્ષણ પરિષદ [GCERT] ખાતે "સામાજિક વિજ્ઞાન : ભારતીય પરિપ્રેક્ષમાં" વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ પરિસંવાદનો હેતુ સામાજિક વિજ્ઞાનમાં પશ્ચિમી પ્રારુપના આધારે થઈ રહેલા અધ્યયન અને શોધની સામે ભારતીય ચિંતન આધારે એક નવાં શોધ તથા અધ્યયનનો પ્રારુપ મુકવાનું છે. પશ્ચિમના દ્વંદ્વાત્મક વિચાર આધારિત ચિંતને સમાજના સંઘર્ષવાદને જન્મ આપેલ છે આની સામે ભારતનો સમન્વય તેમ જ મોડેલ ઊભું કરવું જરૂરી બન્યું છે.

આ સેમિનારમાં બીજ રૂપ વક્તવ્ય પ્રો. સુષ્મા યાદવ અધ્યક્ષ આંબેડકર ચેર (ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશન (IIPA New Delhi ) આપશે.

**દિલીપ કાતરીયા**

## અભ્યાસવર્તુળ

ડૉ. બાબાસાહેબ આંબેડડકર ઓપન યુનિવર્સિટીના વિવિધ વિષયોના સર્વ અધ્યાપકોનું એક અભ્યાસવર્તુળ રચવામાં આવ્યું છે. જેમાં અધ્યાપકો જુદા જુદા વિષય પર વક્તવ્ય આપે અન્ય ચર્ચામાં ભાગ લે.

પ્રથમ સભા કુલપતિશ્રી ડૉ. અવધેશકુમાર સિંહની અધ્યક્ષતામાં તા.8-10-08ના રોજ યોજાઈ ગઈ. એમણે જણાવ્યું કે 'આ પ્રકારની ગોષ્ઠિઓ જ્ઞાનવૃદ્ધિમાં ખૂબ જ ઉપકારક નીવડી શકે છે.'

ભૂમિકા રચતાં ડૉ. રમણ સોનીએ કહ્યું કે, 'અભ્યાસવર્તુળ એ જ્ઞાનનું આદાનપ્રદાન કરવાનું સ્થળ છે'

શેક્સપિયરનું નાટક 'ટેઈમિંગ ઑફ ધ શ્રુ' વિશે વક્તવ્ય આપતા અંગ્રેજીના વ્યાખ્યાતા હરદીપસિંહ ગોહિલે કહ્યું કે; 'શેક્સપિયરનું પ્રારંભિક કાળનું આ નાટક છે. જેમાં એની ઉત્તમ હ્યુમરના (રમૂજશક્તિનાં) દર્શન થાય છે. સ્ત્રીનાં જીવનની ખટમીઠી વાતો આ નાટકમાં પ્રસ્તુત થઈ છે.

કાર્યક્રમનું સંચાલન કરતાં હરદ્વાર ગોસ્વામીએ જણાવ્યું કે;'આ પ્રકારની પ્રવૃત્તિથી સમયની સાથે રહેવાય છે અને નવી તાજગી સાથે નવા કામ તરફ આપણે ગતિ કરીએ છીએ.'

આ કાર્યક્રમ હવે નિયમિતપણે ચાલુ રહે એવી, સૌ ઉપસ્થિત અધ્યાપકો તથા ઇચા કુલસચિવ, આ. ફાઈનાન્સ ઓફિસર વગેરે નિમંત્રતોએ, ઈચ્છા વ્યક્ત કરી હતી. પ્રત્યેક અધ્યાપક દર પખવાડિયે આ કાર્યક્રમમાં પોતાનો સ્વાધ્યાય રજૂ કરે અને સૌ એની ચર્ચા વિચારણામાં સામેલ થાય એવું વિચાર્યું છે.

**હરદ્વાર ગોસ્વામી**

## યુનિવર્સિટીનું આગામી પ્રકાશન : 'વિમર્શ'

ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી તરફથી 'વિમર્શ' નામે એક University Journal ડિસેમ્બરના અંતે પ્રકાશિત થશે. યુનિવર્સિટીની, વિદ્યાસંસ્થા તરીકેની પ્રતિમા ઉપસાવે એવા એક વાર્ષિકની આવશ્યકતા હતી એ, ઘણે અંશે, પૂરી થઈ શકશે. આ જર્નલમાં સાહિત્ય, કલા, મીમાંસા, ફિલસૂફી, ઈતિહાસ, મનોવિજ્ઞાન, શિક્ષણ, તુલનાસંદર્ભ, સંગીત અને ચિત્રકળા એમ વિવિધ વિષયો પરના, ગુજરાતીના ઉત્તમ અભ્યાસીઓના લેખોનો સમાવેશ થશે. એથી અભ્યાસી જિજ્ઞાસુઓ અનેક વિષયોનાં ઉત્કૃષ્ટ લખાણોના સંપર્કમાં આવી શકશે. માનવવિજ્ઞાનના વિવિધ આવિષ્કારોને પ્રગટ કરતો આ અંક એક સમૃદ્ધ, મૂલ્યવાન અને સાચવી રાખવા જેવું પુસ્તક થશે. ગુજરાતના ઉત્તમ અભ્યાસીઓ આ સામયિકના પરામર્શકો છે. આ યુનિવર્સિટીના અધ્યાપકો એના સંપાદક મંડળમાં છે. જર્નલના સંપાદક પ્રો. રમણ સોની તથા પરામર્શક મંડળ અને સંપાદક મંડળના અધ્યક્ષ, યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહ છે.

જર્નલના અંકની કિંમત રૂા. 100, પરદેશમાં ડોલર 15, પાઉંડ 10 - રહેશે.

**(સંપાદક)**

## પરિસંવાદ, પ્રતિનિધિત્વ અને વક્તવ્ય :

* તા. 23-11-08ના રોજ સુરેન્દ્રનગર ખાતે જાણીતા લેખક શ્રી પંકજ ત્રિવેદીના લેખ સંગ્રહ 'મર્મવેધ'ના વિમોચન નિમિત્તે કવિ સંમેલનનું આયોજન થયું હતું, જેમાં સુપ્રસિદ્ધ કવિશ્રી મનોહર ત્રિવેદી, કૃષ્ણ દવે, હરદ્વાર ગોસ્વામી, બી. કે. રાઠોડ, વીરેન્દ્ર આચાર્ય, જયંત 'સંગીતે' ભાગ લીધો હતો.

* IGNOUના જ્ઞાનવાણી રેડિયોમાં 'કૉલેજ કેમ્પસ' કાર્યક્રમનું લેખન અને એંકરિંગ શ્રી હરદ્વાર ગોસ્વામી કરે છે. જેનું પ્રસારણ દર સોમવારે સવારે અને સાંજે 7-00 કલાકે કરવામાં આવેલ છે.

* એસ.એસ.યુ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં યોજાયેલ મુશાયરામાં કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, કૃષ્ણ દવે, મિત્તલ રાજગોર, હરદ્વાર ગોસ્વામી, અંકુર શ્રીમાળીએ કાવ્યપઠન કર્યું હતું.

* હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, પાટણના લાઈબ્રેરી સાયન્સના અનુસ્નાતક વિદ્યાર્થીઓ સામે, તા.18-12-2008ના દિવસે, પ્રો. રમણ સોનીએ વાર્તાલાપ આપ્યો. અને એણાં - ગ્રંથપાલકની વાચન-પ્રેરકતા, સંદર્ભગ્રંથો (કોશ વગેરે)નું મૂલ્ય તથા સૂચિના મહિમા વિશે પ્રેરક વિચારણા રજૂ કરી.

## પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓના અભિમુખતા કાર્યક્રમ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ફેબ્રુ-08 અને ઑગસ્ટ-08ના સત્ર દરમ્યાન નવા સ્થપાયેલા કેન્દ્રના પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓનો અભિમુખતા કાર્યક્રમ અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે તા.24-11-08ના રોજ યોજાઈ ગયો જેમાં નવા સ્થાપાયેલા કેન્દ્રોનો સમાવેશ થાય છે. અભિમુખતા કાર્યક્રમ બે સત્રમાં વહેંચાવામાં આવેલ. પ્રથમ સત્ર ઉદ્ઘાટન સમારંભ અને યુનિવર્સિટી વિશેની માહિતી આપ-લેનું હતું બીજું સત્ર પ્રશ્નોત્તરીનું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી હરદ્વાર ગોસ્વામીએ (વ્યા. ગુજરાતી) આવેલ તમામ કેન્દ્ર સંચાલકોનું સ્વાગત કર્યુ હતું. શ્રી દિલીપભાઈ કાતરીયાએ દૂરવર્તી શિક્ષણની જરૂરીયાત, અને અભિમુખતાની અગત્યતા જણાવી હતી. તેમણે યુનિવર્સિટીમાં ચાલતાં અભ્યાસક્રમો વિશે પાવર પોઈન્ટ પ્રેજન્ટેશન દ્વારા વિસ્તૃત માહિતી આપી. પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીના કાર્યો અને તેની જવાબદારીની સમજણ આપી. હતી. યુનિવર્સિટી હાલ જે કાર્ય પ્રણાલીથી કામગીરી કરી રહી છે. તેનાથી પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓને અભિમુખ કર્યા હતા. પ્રવેશ, અભ્યાસસામગ્રી, મહેકમ, પરીક્ષા, હિસાબી, સ્વાધ્યાયકાર્ય, SC/ST સેલ વિગેરે વિભાગના ઈન્ચાર્જશ્રીઓ દ્વારા કાર્યક્રમમાં કેન્દ્ર સંચાલકોના કાર્યો અને કરવાની કામગીરી જવાબદારી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

પ્રો. અવધેશકુમાર સિંહે (કુલપતિશ્રી) અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું જેમાં યુનિવર્સિટીની વર્તમાન પરિસ્થિતિ વિશે OPEN UNIVERSITY SYSTEM વિશે તથા OPEN UNIVERSITY ગામડાં અને શહેર દરેક માટે છે તેમ જણાવ્યું હતું. તેમને તેમના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે drop out Ratioને ઘટાડવા માટે કોઈપણ રાજ્યની ઓપન યુનિવર્સિટી વધારે ઉપકારક નીવડી શકાશે. સામાજિક વિષમતા ઓપન યુનિવર્સિટી દ્વારા દુર કરી શકાય. જે લોકો સંજોગો વશાત ભણી શક્યા નથી અને ભણવા માગે છે. તેમની માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ચાલતો અભ્યાસક્રમ B.P.P. કેટલો ઉપકારક નીવડી શકશે તે વિશે વિસ્તૃત માહિતી આપી કેન્દ્ર સંયોજકોને પોતાના કાર્યો અને જવાબદારી વિશે જણાવતાં કહ્યું હતું કે કેન્દ્રો અને સંયોજકો જેટલા સારા હશે તેટલી જ ઓપન યુનિવર્સિટી સારી હશે. દિનપ્રતિદિન વ્યાપ વધતો ગયો છે. આદિવાસી વિસ્તારના જે કેન્દ્રો છે તેના ધારાધોરણમાં સુધારો કર્યો છે તેની જાણ કેન્દ્ર સંચાલકોને કરી હતી. કેન્દ્રોએ એકબીજાની સાથે પ્રતિસ્પર્ધાની રીતે નહીં પરંતુ સહકારથી કામગીરી કરી સમાજની સેવા કરવાની છે. યુનિવર્સિટી કેન્દ્રોએ પ્રચાર-પ્રસાર દ્વારા યુનિવર્સિટીનો વ્યાપ વધારવો જોઈએ.

ગુજરાત સરકાર સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે આંબેડકર યુનિવર્સિટી પણ એમાં જોડાય એવું આહ્વાન કુલપતિએ કરેલ. નવા કેન્દ્રો પણ સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ યાત્રામાં પોતાના નવા વિચારો અને નવા કાર્યક્રમોની દરખાસ્ત કરેથી યુનિવર્સિટી સહાયભુત થશે. યુનિવર્સિટીનો લાભ સમાજને વધુને વધુ મળે તેવા પ્રયત્નો સતત કર્યા કરીશું. તેમ જણાવી વક્તવ્ય પૂર્ણ કર્યું.

યુનિવર્સિટી દ્વારા ચાલતા જુના કેન્દ્રોના સંયોજકોએ પોતાના કેન્દ્રોનું સંચાલન કેવી રીતે કરે છે. તેની માહિતી આપેલ છે.

ઈડર કેન્દ્રના સંયોજકશ્રી પંડ્યા સાહેબ પોતાના સેન્ટરની વ્યવસ્થા વિશે સારા સંચાલક માટે ખાસ જરૂરી સૂચનો કરેલ.

કેન્દ્રો જેટલું સારું સંચાલન કરશે તેટલા પ્રશ્નો ઉત્પન્ન થશે નહીં. વિદ્યાર્થીને મદદરૂપ થવા માટે કેન્દ્રએ પોતાનું સંચાલન વ્યવસ્થિત રીતે જવાબદારીપૂર્વક નીભાવવું પડશે.

**તલોદ** કેન્દ્રના સંયોજકશ્રી કિરણભાઈએ પોતાના કેન્દ્રની સ્થાપના કેવી રીતે થઈ તેમજ પંડ્યા સાહેબે જે રજુઆત કરી તે મુજબ સતત અન્ય સંયોજકનો સંપર્કમાં રહીને પોતાના કાર્યો કરે છે તે વિશે માહિતી આપી. તેમણે કોમ્પ્યુટરના ચાલતા અભ્યાસક્રમોના પ્રેક્ટીકલ પર ભાર મુક્યો હતો અને તેમાંથી જ યુનિવર્સિટીમાં પ્રચાર પ્રસાર જાતેજ થશે તેમ જણાવ્યું હતું. ઉભા થતાં પ્રશ્નોનું નિરાકરણ જાતે જ લાવવાના

પ્રયત્નો કરવા જોઈએ. ત્યારબાદ નવા કેન્દ્રોના સંયોજકોને મદદરૂપ થવા માટે પોતાનો મોબાઈલ નંબર આપ્યો હતો.

કડી કેન્દ્રના સંયોજક શ્રી ચૌધરીસાહેબ યુનિવર્સિટીનો પ્રચાર પ્રસાર કરી યુનિવર્સિટીનો વ્યાપ કેવી રીતે વધારી શકાય અને તે માટે તેઓ શું કાર્યવાહી કરે છે. તે અંગે માહિતી આપી હતી યુનિવર્સિટીના પ્રચાર-પ્રસાર માટે જાહેરાતો આપવી જોઈએ. નોટીસ બોર્ડ પર યુનિવર્સિટીની માહિતી મુકવી જોઈએ. અન્ય સંયોજકોનો સંપર્કમાં રહેવું જોઈએ. ગામડામાં જાહેર કાર્યક્રમોનું આયોજન થતું હોય ત્યારે યુનિવર્સિટી વિશે માહિતી આપવી જોઈએ. પરિચય બેઠક વખતે વિદ્યાર્થીને તમામ માહિતી આપવી જોઈએ.

કેન્દ્રના સંયોજકે શિક્ષક અને વાલી બંનેની ભૂમિકા ભજવી પડશે.

ભોજન વિરામ બાદ કેન્દ્ર સંયોજકશ્રીઓને ઉપસ્થિત પ્રશ્નોનું નિરાકરણ યુનિવર્સિટીના ઈ/ચા રજીસ્ટ્રારશ્રી એસ. સી. શાહ અને વિભાગીય વડા દ્વારા કરવામાં આવ્યું. અંતમાં હાજર રહેલ તમામ સભ્યોનો હરદ્વાર ગોસ્વામીએ આભાર માન્યો.

ચેતના શાહ

## M. S. W. શૈક્ષણિક શિબિરનો અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ધ્વારા દૂરવર્તિ શિક્ષણના પ્રસાર માટે બે વર્ષનો MSW માસ્ટર ઓફ સોશીયલ વર્કનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમના ભાગરૂપે વિદ્યાર્થી ભારતીય સંસ્કૃતિ તથા ભારતીય ગ્રામ્ય જીવનનો પરિચય મેળવી શકે આ હેતુને ધ્યાનમાં રાખીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા 10 દિવસીય શૈક્ષણિક શિબિરનું આયોજન તા.11-10-2008 થી તા.20-10-2008 દરમ્યાન હિંમતનગર તાલુકાનાં કાંણિયોલ ગામે યોજવામાં આવેલ.

શિબિરનો મુખ્ય આશય M.S.W. નાં વિદ્યાર્થીઓને વાસ્તવિક પૃષ્ટભૂમિમાં સમાજકાર્યના કૌશલ્યોનો ઉપયોગ કરી સમાજકાર્ય વાસ્તવમાં પ્રાયોગિક રીતે કઈ રીતે અમલી બનાવી શકાય તે રહેલ. વધુમાં આ શિબિર દ્વારા રાજ્યના અલગ-અલગ સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, આર્થિક, પૃષ્ટભૂમિમાંથી આવતા વિદ્યાર્થીઓ સાથે કઈ રીતે અનુકૂલન સ્થાયી શકાય તે શીખવાનો પણ હેતુ રહેલ. આ શિબિર વર્તમાન પ્રશ્નોને અનુલક્ષીને પણ મહત્ત્વપૂર્ણ રહેલ કારણ કે આ શિબિરનો હેતુ "Youth for clean and Green Gujarat" રાખવામાં આવેલ. આ સૂત્ર સરકારના નિર્મળ ગુજરાતના સ્વપ્નના ભાગરૂપે પણ મહત્ત્વપૂર્ણ છે. આ શિબિર સરકારના નીતિ નિર્ધારણના લક્ષ્યને અપનાવી આયોજીત કરવામાં આવેલ.



દીપપ્રાગટ્ય

શૈક્ષણિક શિબિરનાં ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રાસંગિક વ્યક્તવ્ય કર્યા બાદ પરંપરાગત મંગલ શ્લોકે દિપ પ્રાગટ્ય કરેલ. પ્રાથમિક શાળાની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીતથી આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરેલું. ત્યારબાદ મહેમાનોના પરિચય સાથે ફુલગુચ્છથી સન્માન કરવામાં આવ્યું. સમારંભના પ્રમુખશ્રી શ્રી જેઠાભાઈ પટેલ (ચેરમેનશ્રી માર્કેટ યાર્ડ હિંમતનગર) શ્રી રાજુભાઈ પંચાલ (તાલુકા પંચાયત પ્રમુખશ્રી હિંમતનગર), શ્રી લાલસિંહ ચૌહાણ (સરપંચશ્રી) શામળભાઈ સુતરીયા (ઉપસંરપંચશ્રી), ડૉ. વાસુદેવ રાવલ (પ્રિન્સીપાલ હિંમતગર કોલેજ). ડૉ. અવધેશકુમાર સિંહ (વાઈસ ચાન્સેલર ડૉ. બા.આં.ઓ.યુ. અમદાવાદ) તથા શૈક્ષણિક સ્ટાફ, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો અને શિબિર્થીઓએ હાજરી આપી હતી.

- સમારંભના અધ્યક્ષપદે પ્રમુખશ્રીએ M.S.W નાં વિદ્યાર્થીઓને ભાવભીનો આવકાર અને કામની સફળતા માટે આશીર્વાદ આપ્યા હતા. માનનીય કુલપતિશ્રી અવધેશકુમાર સિંહએ વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્‌બોધન પુરૂ પાડી સમાજકાર્ય પારંગતના કોર્સના કાર્યક્ષેત્રનું મહત્ત્વ સમજાવેલ હતું.

  શિબિરને ચોક્કસ ઓપ આપવા માટે દશ દિવસ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓની રૂપરેખા નીચે પ્રમાણે છે.
- સવારે પ્રભાત ફેરી, સવારની પ્રાર્થના, જુથમાં કાર્યવહેંચણી
- ગ્રામ સફાઈમાં શેરી સફાઈ, શાળાના કેમ્પસની બસ સ્ટેશનની, ગામના રસ્તાઓની તથા હેન્ડપંપ, કુવા,મંદિર, સ્મશાન, જેવા સ્થળોની સફાઈ કરવામાં આવી હતી.
- વિકાસના મુદ્દાઓ જેવાકે પાણી અને સ્વચ્છતાના, પાણી જન્ય રોગો, સ્વાસ્થ્યની લોકો સાથે સંપર્ક અને ચર્ચા કરી હતી.
- જુદા-જુદા વિષયના નિષ્ણાતોને બોલાવીને બૌદ્ધિક ચર્ચા કરવામાં આવતી હતી.

- અન્ય પ્રવૃત્તિઓ જેવી કે મહિલા, જાગૃતિ, સ્ત્રીભૂણ હત્યા નિવારણ, વ્યસન નાબૂદી, રોજગારી માર્ગદર્શન, વ્યક્તિત્વ વિકાસ, નેતૃત્વ, બાળ લગ્ન વિરોધ, ગ્રામ સફાઈ કોમી એકતા ઉપર લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.
- સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે લોક જાગૃતિ માટે નાટકો જેવા કે રંગલો અને રંગલી, એઈડ્સ, ચીંતાકારી, શાયરી, ભજન, વ્યક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, લોકગીત, શ્લોકપઠન, કાવ્યપઠન, કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.
- વિવિધ હરિફાઈ જેવી કે ગૃહ સુશોભન, વાનગી સ્પર્ધા ગરબા હરિફાઈ મેડિકલ કેમ્પનું આયોજન, વૃક્ષારોપણ ઉપરોક્ત શૈક્ષણિક શિબિરના સમયગાળા દરમ્યાન ગામનાં વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.



ધારાસભ્ય પ્રફુલભાઈ, માન. કુલપતિ શ્રી એ. કે. સિંહ, પરાગભાઈ નાયક, સરપંચ લાભસિંહ, વાસુદેવ રાવલ, ડૉ. રાકેશ જોષી.

### બૌદ્ધિક કાર્યક્રમ

શિબિર દરમ્યાન બૌદ્ધિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં જુદા જુદા વિષયનાં નિષ્ણાત ડૉ. અનિલ નાવલેએ શ્રેષ્ઠતાના સોપાનો, ડૉ. નટવરગીરી ગોસ્વામી પરિવર્તન એક પડકાર, ડૉ. શ્રદ્ધાબેન રાય સફળતાની ચાવી અને નિષ્ફળતાનાં કારણો, ડૉ. નટવરસિંહ વ્યસન મૂક્તિ ઉપર વ્યાખ્યાન આપેલા.

વ્યાખ્યાનના અંતે વિદ્યાર્થીઓએ ચર્ચા વિચારણામાં ભાગ લીધેલ.

## ઉજવણી

### વિશ્વ અન્ન દિવસ

તા.16-10-08ના રોજ વિશ્વ અન્ન દિવસ ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં હિંમતનગરનાં આઈ.સી.ડી.એસ. કાર્યક્રમનાં સી.ડી.પી.ઓ શ્રી મીનાક્ષીબેન આવ્યા હતા. જેમાં વિશ્વ અન્ન સુરક્ષા, મોસમી બદલાવ અને જૈવિક ઉર્જાના પડકારો જેવા વિષયો ઉપર નિષ્ણાતોએ પોતાનો મંતવ્યો રજૂ કર્યા હતા. આ દિવસે ગામમાં વાનગી સ્પર્ધાનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિસ્તરણ અધિકારી શ્રી નિતીનભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, કે. બી. જોશી સાહેબ મેડિકલ ઓફિસર શ્રી શાહ સાહેબ, તલાટીમંત્રી, સરપંચશ્રી હાજર રહ્યા હતા. આ પ્રસંગે ગામમાં શેરી સુશોભન, ગૃહ સુશોભનની હરિફાઈ રાખવામાં આવી હતી.

### વૃક્ષારોપણ

તા.18-10-08ના રોજ વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પધારેલ મહાનુભાવોમાં પ્રમુખશ્રી રમેશભાઈ કે પટેલ (ઉમિયાજીનના માલિક), શ્રી રાજુભાઈ પંચાલ (તાલુકા પંચાયતના પ્રમુખ), તેમજ ફોરેસ્ટ વિભાગના SUB D.F.O., R.F.O. વગેરે કર્મચારી તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



વૃક્ષારોપણ કરતા શિબિરાર્થીઓ

આ કાર્યમાં જંગલનું મહત્વ અને ઉપયોગિતા ઉપર વિચારવિર્મશ કરી આમંત્રિત મહેમાનો દ્વારા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમા દરેક રોપાની જવાબદારી પ્રાથમિક શાળાનાં બાળકોએ સ્વૈચ્છાએ સ્વિકારી હતી.

### મેડિકલ કેમ્પ

તા.19-10-08નાં રોજ સવારે 10:00 કલાકથી બપોરે 1:00 કલાક સુધી પ્રાથમિક શાળામાં મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. અનિલભાઈ વ્યાસ, ડૉ. પંકજભાઈ શાહ તથા ડૉ. રવીન્દ્ર યાદવ (PHC : ILOL) આવ્યા હતા. આ કેમ્પનાં 190 જેટલા ગરીબ દર્દીઓને મફત સારવાર કરવામાં આવી અને દસ હજાર રૂપિયાની કિમતની દવાનું મફત વિતરણ કરવામાં આવ્યુ. લોહી તથા પેશાબની મફત તપાસ માટે લેબોરેટરીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આમંત્રિત મહેમાનોએ આ મેડિકલ કેમ્પ કરવા માટે તાલીમાર્થીઓનું અભિવાદન કર્યું હતુ. તેમણે મેલેરિયા અને ચિકનગુનિયા જેવા રોગો, ઉપરાંત ટી.બી. એઈડ્સ, રક્તપિતનાં લક્ષણો વિષે માહિતી આપી હતી.

આજ રીતે ગુજરાત સરકાર દ્વારા "બેટી બચાવો"

અભિયાન ચલાવવામાં આવે છે. રાજયમાં દર 1000 પુરુષે 850 સ્ત્રીઓ છે જે સમાજ માટે ખુબ ચિંતાનો વિષય છે. તથા જનની સુરક્ષા અને ચિરંજીવી યોજના વિષે વિસ્તાર પૂર્વક જાણકારી આપી હતી.

**પરિણામો :**

1. ગામના લોકો ધ્વારા સ્વૈચ્છિક રીતે ગંદા પાણીને નિકાલ અને શોષખાડાનો ઉપયોગ ચાલુ કર્યો.
2. ગ્રામ પંચાયત ધ્વારા જે.સી.બી. મશીન મંગાવી બહેનો માટે કચરો ફેકવા જવા માટેનો રસ્તો તૈયાર કર્યો.
3. જીલ્લા પ્લાનિંગ ઓફિસર ધ્વારા 3 લાખ રૂપિયાની ગ્રાંટ મંજૂર કરવામાં આવી.
4. તાલુકા પંચાયતનાં પ્રમુખશ્રી પાસેથી રસ્તા બનાવવા માટે 50,000/- રૂપિયા મંજૂર કરાવ્યા હતા.
5. ગામના યુવક મંડળોને રજિસ્ટર કરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.
6. મેડિકલ કેમ્પ દ્વારા ગામના 190 ગરીબ દર્દીઓને મફત સારવાર તથા દસ હજાર રૂપિયાની દવાનું મફત વિતરણ કરવામાં આવ્યું.
7. ગામના શ્રી રમેશભાઈ પટેલ ઉદ્યોગપતિ દ્વારા દસ હજાર રૂપિયા પ્રાથમિક શાળામાં દાન કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
8. ગામના લોકો પાણી અને સ્વચ્છતાના મુદ્દે જાગૃત થયા.
9. આ શૈક્ષણિક કેમ્પમાંથી વિદ્યાર્થીઓને ગામડાઓની આર્થિક, સામાજિક, અને રાજકીય સસ્યાઓ વિશે જાણકારી મળી.
10. સંઘ ભાવના દ્વારા જૂથમાં કાર્ય કરવાના ફાયદાઓ શીખવા મળ્યા.
11. સામાજિક સમસ્યાઓ વિશે સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા બહોળા વર્ગને પ્રભાવિત કરી શકાય છે.
12. બૌદ્ધિક ચર્ચા ધ્વારા આ ક્ષેત્રમાં રહેલી તકો અને પડકારો વિશે નિષ્ણાતોના જ્ઞાનનો લાભ મળ્યો.
13. વિદ્યાર્થીઓને કાર્યક્રમનું આયોજન અને સંકલન, જવાબદારી માટેની પદ્ધતિઓ શીખવા મળી.
14. આ શિબિરના અંતે ગામના હોદ્દેદારોએ ગામમાં ગંદા પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે ગટર વ્યવસ્થા ઊભી કરવાનું સ્વીકાર્યું છે.

**સમાપન સમારોહ :**

તા.20-10-2008ના રોજ M.S.W. નાં વિદ્યાર્થીઓનો શૈક્ષણિક શિબિરનો સમાપન સમારોહમાં સમારંભના પ્રમુખશ્રી પ્રફુલ્લભાઈ પટેલ (ધારાસભ્ય - હિંમતનગર) એ દીપ પ્રગટાવ્યો. આ સમારંભમાં ઉપસ્થિત મહેમાનોમાં ડૉ. બા.આં.ઓ.યુનિ. ના બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં સભ્યશ્રી પરાગભાઈ, ડૉ. શ્રદ્ધાબેન હાજર રહ્યા હતા. તેમજ સરપંચશ્રી, ઉપસરપંચ, માર્કેટિંગ યાર્ડના ચેરમેન, ડૉ. બા.આં.ઓ.યુનિ.નાં કુલપતિશ્રી ઉપસ્થિત રહ્યા હતા. જેમનું શાલ ઓઢાવી પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું તથા ગામના સૌથી વયોવૃદ્ધ બેવડીલોનું માનનીય કુલપતિ, સમગ્ર શિબિર અંતર્ગત ઉત્સાહિત ગામના જાગ્રત આગેવાનોને પણ શાલ ઓઢાવીને સન્માનીત કરવામાં આવ્યા હતા. અંતમાં વિવિધ સ્પર્ધકોને ઈનામ વિતરણ કરીને ભાવવિભોર પ્રતિભાવો સાથે શિબિરાર્થીઓને વિદાય આપવામાં આવી હતી.

**- નવનીત ગાયકવાડ**

## યુનિવર્સિટી સહાય સેવા કેમ્પ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સ્ટડી / પ્રોગ્રામ કેન્દ્રોના પડતર પ્રશ્નોના નિકાલ માટે યુનિવર્સિટી દ્વારા ચાર ઝોનમાં ઝોન વાઈજ "યુનિવર્સિટી સહાય સેવા કેમ્પ"નું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ તે અન્વયે સૌપ્રથમ યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્ર કોડ નં. 2401 પાટણ ખાતે તા.15-09-2008ના રોજ આયોજન કરવામાં આવેલ.

સદર કેમ્પમાં અધ્યક્ષ તરીકે માન. કુલપતિશ્રી એ. કે. સિંહ તથા યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે ઈ/ચા રજીસ્ટ્રાર શ્રી સુરેન્દ્રભાઈ શાહ, ડૉ. કુસુમ શર્મા (વ્યા. હિન્દી), શ્રી હરદિપભાઈ ગોહિલ (વ્યા. અંગ્રેજી) રુપલબેન પવાર (વ્યા. રાજયશાસ્ત્ર), શ્રીમતી રશ્મિબેન દરજી (AFOશ્રી) હરદ્વારા ગોસ્વામી (વ્યા.ગુજરાતી) શ્રી નવનીત ગાયકવાડ (વ્યા. સોશીયોલોજી) શ્રીમતી ચેતના શાહ (લાયબ્રેરીયન) હાજર રહેલ. પાટણ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્ર ખાતે એક દિવસીય પડતર પ્રશ્નોના કેમ્પમાં પોતાના વિભાગીય પ્રશ્નો નિવારણ અર્થે 70 કેન્દ્રોને બોલાવવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆતમાં સંયોજક શ્રી મહેન્દ્રભાઈ પ્રજાપતિએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં યુનિવર્સિટી સ્પર્શતા વિવિધ મુદ્દાઓની ઝીણવટભરી રજુઆત કરેલ. આ બાદ તે પાટણ યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર પંચોલી સાહેબે આજના પરિપેક્ષમાં ઊભી થતી દૂરવર્તી શિક્ષણની જરૂરિયાત તેમજ તેને પહોંચી વળવા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વતી પુરી પાડવામાં આવતા વિવિધ સવલતો અંગેની પ્રશંસનીય કામગીરી બદલ પાટણ ખાતે પ્રાદેશિક કેન્દ્રને લગતી દરેક સુવિધાઓ પાટણ યુનિવર્સિટી દ્વારા પુરી પાડવાની ખાત્રી આપેલ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. અવધેશકુમાર સિંહ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યુનિવર્સિટીના વિવિધ સ્તરે જેવા કે કેન્દ્ર,

અભ્યાસક્રમ તેમજ વિદ્યાર્થીઓની વધતી સંખ્યાના વિસ્તરણને જોતાં કેન્દ્ર અને યુનિવર્સિટી વચ્ચેના સંપર્કમાં ઘનિષ્ટ સુગમતા લાવવા માટે કેન્દ્રો અને યુનિવર્સિટીના સ્તરે જરૂરી દરેક કાર્યવાહી કરવા યુનિવર્સિટી તરફથી કરવાના થતા તમામ પ્રયત્નો અંગેની ખાત્રી આપી હતી. યુનિવર્સિટીના વહીવટી માળખાને સરળ બનાવવા જવાબદારીઓની સહિયારી કામગીરીને ઉપસ્થિત દરેક સમસ્યાઓ માટેનું યોગ્ય નિરાકરણ તરીકે રજુ કરેલ જેમાં જિલ્લા સ્તરે બેથી ત્રણ "મેડરેટર" તરીકે જેતે જીલ્લાનું યુનિવર્સિટીના સ્તરે પ્રતિનિધિત્વ કરવા માટે આહવાન આપેલ. જેમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગો જેવા કે પ્રવેશ, પરીક્ષા, એસાઈમેન્ટ, એકાઉન્ટ, અભ્યાસ કેન્દ્ર સંચલાન, અને વહીવટી કામગીરીને સહીયારી બનાવવા અંગેનું સુચન કરેલ. ત્યારબાદ "સ્વર્ણિમ્ ગુજરાત" કાર્યક્રમ અંર્તગત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ હાંસલ કરવાના ધ્યેય જેવા કે (1) યુનિવર્સિટીનું વિસ્તરણ, (2) પુરી પાડવામાં આવનાર સેવાઓ અંગેની નિયમિતતા (3) કેન્દ્રો સ્તરે યોજવાનાં સેમિનારો અંગે કેન્દ્ર સંચાલકોને માહિતગાર કરેલ તેમજ યુનિવર્સિટી અંગે પ્રસ્થાપિત થયેલી વિવિધ ભ્રાંતિઓને દૂર કરી વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ તથા તેમને આપવામાં આવતી વધારાની સવલતોને આધારે 'બેસ્ટ સેન્ટર એવોર્ડ' તેમજ 'બેસ્ટ રીસોર્સફુલ સેન્ટર' અંગેના પારિતોષિત અંગે ઘોષણા કરેલ. પાટણ રીજનલ સેન્ટરને મળેલી મંજુરી અને તેના ઉદ્દ્ઘાટન અંગેની વાત કરતા તેઓએ પોતાનું મંતવ્ય પૂર્ણ કરેલ.

હાજર રહેલ તમામ સેન્ટરના સંયોજકશ્રીઓની રજુઆતને શાંતિથી સાંભળી તરત જ તેમના પ્રશ્નોનું નિરાકરણ યુનિવર્સિટીમાં હાજર રહેલ ઈ.ચા. રજીસ્ટ્રારશ્રી એસ.સી.શાહ સાહેબ AFO રશ્મિબેન દરજી અન્ય વિભાગના ઈન્ચાર્જનીઓ દ્વારા કરવામાં આવેલ. સંયોજશ્રીઓને પોતાના પ્રશ્નોનું સંતોષકારક જવાબ પ્રાપ્ત થયેલ.

કાર્યક્રમની પૂર્ણાહુતિમાં કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ અંગેના પ્રશ્નોને કેન્દ્ર પર ફેર તપાસ કરી વિદ્યાર્થી તેમજ યુનિવર્સિટીના હિતને ધ્યાને રાખી યુનિવર્સિટીના રોકાઈ રહેલ નાણાં મેળવવા માટે સુવ્યવસ્થિત સંકલન કરવા કેન્દ્ર સંચાલકોને જણાવેલ. વધુમાં "સ્વર્ણિમ્ ગુજરાત" અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ક્યાં ક્યાં મુદ્દાઓ હાથ પર લઈ પોતાનું યોગદાન આપી શકે તે માટેની રૂપરેખા તૈયાર કરી એક મીટિંગનું આયોજન કરવા જણાવેલ. તમામ પરિસ્થિતિને પહોંચી વળવા માન. કુલપતિશ્રીને સહિયારા સંચાલનને શ્રેષ્ઠ ઉપાય તરીકે ઓળખાવેલ.

વધુમાં કેન્દ્ર સંચાલકો અને યુનિવર્સિટીના સંપર્કમાં પડતી મુશ્કેલીઓના પ્રશ્ને ધ્યાને રાખી યુનિવર્સિટી તરફથી કેન્દ્રો માટે "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિરેક્ટરી" બનાવવાનું નક્કી કરવામાં આવ્યું તથા હાજર રહેલ કેન્દ્રોને ફાળવવામાં આવેલ સંયોજક, સહ-સંયોજક અને ક્લાર્કના નામ, સરનામા, ફોન નંબર અને ઈ-મેઈલ આઈડી આપતી વિગત યુનિવર્સિટી કાર્યાલયે મોકલી આપવા જણાવેલ. કેન્દ્ર નં. 1301 ના સંયોજકશ્રી વિમલભાઈ વૈદ્ય ધ્વારા પ્રત્યુત્તરમાં જણાવેલ કે શાહસાહેબ રજીસ્ટ્રાર થતાં આવો પ્રથમ પ્રયાસ પ્રસંશનીયછે અને અમોને થાય છે કે અમોને ઘણા વર્ષો પછી યુનિવર્સિટીમાં અધિકારીઓ ધ્વારા સાંભળવામાં આવ્યા છે.

વધુમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર વ્યક્ત કરી પાટણ ખાતે સંચાલનમાં વ્યવસ્થા પૂરી પાડવા બદલ સંયોજક શ્રી મહેન્દ્રભાઈ પ્રજાપતિ અને હાજર તમામ સંચાલકોનો આભાર માન્યો. સમગ્ર કેમ્પનું સંચાલન યુનિવર્સિટીના વ્યાખ્યાતા ડૉ. કુસુમબેન શર્મા અને નવનીતભાઈ ગાયકવાડ દ્વારા કરવામાં આવેલ.

**સુરત :**

તા.17-9-2008ના રોજ સુરત કેન્દ્ર કોડ નં 1801ના યજમાન પણા હેઠળ યોજવામાં આવેલ અભ્યાસકેન્દ્રોના પડતર પ્રશ્નોના નિકાલ માટે "યુનિવર્સિટી સહાય સેવા કેમ્પ"નું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સાઉથ ગુજરાત યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી બી. કે. પ્રજાપતિ તેમજ પ્રમુખ સ્થાને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી અવધેશકુમાર સિંહ હાજર રહેલ. વિવિધ વિભાગોના વિભાગીય વડા પડતર પ્રશ્નોના સ્થળ પર જ નિકાલ અર્થે હાજર રહેલ. માન. કુલપતિશ્રી એ. કે. સિંહ સાહેબે તેમના વક્તવ્યમાં તેઓએ યુનિવર્સિટીને લગતા તમામ પડતર પ્રશ્નો તેમજ 2010 માટેના નવા સંકલ્પ પ્રાપ્ત અર્થેના અભિગમોની ચર્ચા કરેલ આદિવાસી વિસ્તારોને ત્રણ પરિમાણમાં સવલત પુરી પાડવાની વાત કરેલ જે ત્રણ પરિમાણોમાં ખાસ કરી કોમ્પ્યુટર ટીવી તેમજ ફર્નિચર અંગેની સુવિધાઓની સહ:વિસ્તર માહિતી આપેલ. તેઓએ યુનિવર્સિટી સાથે સંકળાયેલ દરેક કર્મચારીને માત્ર રૂપિયા 100/-માં BPP કોર્ષ કરવા અંગેની જાહેરાત કરેલ કે જેથી ગરીબી રેખાથી નીચે જીવતા યુનિવર્સિટીના કર્મચારીઓને ઉચ્ચ શિક્ષણ સાથે સાંકળી શકાય. તેમના દ્વારા સ્વાધ્યાયકાર્ય, પ્રવેશ, તેમજ પરીક્ષાને લગતા વિવિધ કાર્યોના સક્ષમ આયોજન માટે દક્ષિણ ગુજરાત પ્રદેશમાંથી પ્રતિનિધિઓને આગળ આવી યુનિવર્સિટીની કાર્યદક્ષતામાં વધારો કરવાની જાહેરાત કરી હતી.

યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના વિસ્તારની ચર્ચા કરતાં માન-કુલપતિશ્રીએ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત કેન્દ્રને પણ જાહેરાત કરેલ સાથો સાથ સ્વર્ણિમ ગુજરાત

અંગે કેન્દ્રોએ આગળ આવી પોતાના અભિપ્રાયો આપવા માટે આહવાન કરેલ. સ્વર્ણિમ ગુજરાતના કાર્યક્રમને ફળીભૂત કરવા માટે તેઓશ્રીએ ચોક્કસ સૂચનો સાથે ભવિષ્યમાં યોજનાર બેઠક અંગેની પણ માહિતી આપી. તેઓશ્રીએ ક્ષેત્રીય પ્રતિનિધિઓની ટીમને વધુને વધુ યુનિવર્સિટીના વિકાસને લગતા કાર્યક્રમોમાં સામેલ થવા અંગે આમંત્રિત કરેલ.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ પદેથી સાઉથગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી બી. કે. પ્રજાપતિ સાહેબે દુરવર્તી શિક્ષણ તેમજ પ્રણાલિકગત શિક્ષણના સમન્વયથી ઉચ્ચ શિક્ષણની વ્યાપકતા વધારવા અંગે પોતાનો અભિપ્રાય આપેલ. રાજયના ઉચ્ચ શિક્ષણને સર્વ વ્યાપી બનાવવા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વચ્ચેના શુલતા સમન્વયનું સંપૂર્ણ વિદ્યાર્થી જગતમાં આર્શીવાદરૂપ બની રહ્યા અંગે પોતાની લાગણી વ્યક્ત કરેલ.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ પ્રવર્તતી ગેરમાન્યતાઓને લક્ષમાં રાખી આ માન્યતાઓ દૂર કરવા અંગેના કેન્દ્ર સંચાલકોની જવાબદારી પર ભાર મુકવા તેઓએ કેન્દ્ર સંચાલકોને યુનિવર્સિટીની ઈન્ટરનેટ પર મુકેલા સ્વાધ્યાયકાર્યો ડાઉનલોડ કરવાની માહિતી આપેલ. તેમજ યુનિવર્સિટી દ્વારા નજીકના ભવિષ્યમાં આપનાર પ્રમાણપત્રો અંગેની જાહેરાત કરવામાં આવી.

નવા શરૂ થનાર પ્રવેશ સત્રને ઓપન પ્રવેશ સત્ર તરીકે શરૂ કરવાનો યુનિવર્સિટીના નિર્ધાર વ્યક્ત કરેલ. યુનિવર્સિટી દુરભાષ વ્યવહારમાં પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે તેઓશ્રીએ ભવિષ્યમાં મુશ્કેલીઓ ન સર્જાય તે અંગેના યુનિવર્સિટીના નવા અભિગમોની જાહેરાત કરવામાં આવેલ. યુનિવર્સિટીના પ્રવેશ, પરીક્ષા અને સ્વાધ્યાયકાર્યોના કાર્યોને સુચારું રૂપે સંચાલન કરવા પ્રાદેશિક પ્રતિનિધિઓના મંડળને આગળ આવી યુનિવર્સિટીના વિવિધ આયામો પ્રત્યે પોતાના મંતવ્યો આપવા માટે આહ્વાન કરવામાં આવેલ.

સ્વાધ્યાયકાર્યોને લગતી મુશ્કેલીઓની, નિરાકરણ અર્થે કેન્દ્ર સંચાલકોને આગળ આવીને પોતાનું યોગદાન આપવા આમંત્રિત કરેલ. સ્ટુડન્ટના પ્લેસમેન્ટ અંગેની માહિતી એકત્રિત કરી તેનો સંચય યુનિવર્સિટી ડેટા તરીકે કરવાનો આગ્રહ કરેલ.

વિવિધ કેન્દ્રોના સંચાલકો તેમજ વિવિધ કર્મચારીઓના પોત પોતાના કેન્દ્રોના ઈ-મેઈલ આઈ ડી તેમજ બીજી સંબંધિત વિગતો યુનિવર્સિટીને મોકલી આપવા જણાવેલ. વિવિધ માહિતીઓને શાળા કોલેજ સુધી લઈ જઈ યુનિવર્સિટી દ્વારા ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે કરવામાં આવતા ઉમદા યોગદાન પ્રચાર અંગેનું અભિયાન શરૂ કરવાનું આહવાન કરેલ.

આ કાર્યક્રમ પર ઉપસ્થિત યુનિવર્સિટીના ઈ/ચા કુલસચિવ શ્રી એસ. સી. શાહે ઉપસ્થિત કેન્દ્ર સંચાલકો પાસેથી યુનિવર્સિટીના પડતર પ્રશ્નો અંગેની માહિતીઓ મેળવી તેમના સ્થાનિક નિરાકરણ અંગે કાર્યવાહી હાથ ધરેલ. હાજર રહેલ તમામ સંયોજકોને તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાનું યોગદાન આપનાર દરેક કર્મચારીનો આભાર વ્યક્ત કરેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુનિવર્સિટીના ગુજરાતીના વ્યાખ્યાતા શ્રી હરદ્વાર ગોસ્વામીએ કરેલ.

**રાજકોટ :**

તા.26-09-08ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે યુનિવર્સિટીના કેન્દ્ર સંચાલકોના પડતર પ્રશ્નો નિકાલ માટે યુનિવર્સિટી સહાય સેવા કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એ. કે. સિંહે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યુનિવર્સિટીમાં સહાય સેવા કેન્દ્ર યોજવા માટેના ખાસ જરૂરિયાત અંગની વિગતો સ્પષ્ટ કરતાં જણાવતાં યુનિવર્સિટીના મુખ્ય પડતર પ્રશ્નો જેવા ccc++, એસાઈમેન્ટ મોકલવા અંગેના પ્રશ્નો તેના જવાબ રૂપે ત્વરિત પહોંચતા કરવા યુનિવર્સિટી ડિરેક્ટરીનું પ્રકાશન વિગેરે વિશે માહિતી આપી.

“ઈન્ટીગ્રેટેડ ક્લાસરૂમ” પદ્ધતિને રાજયના વિવિધ ક્ષેત્રો સુધી પહોંચતુ કરવા માન. કુલપતિશ્રીએ DTH તેમજ મોબાઈલ સ્ટડી સેન્ટર વાન અંગેની સવિસ્તાર માહિતી ઉપસ્થિત તમામ કેન્દ્ર સંચાલકોને આપેલ. ગુજરાત સરકારના સ્વર્ણિમ ગુજરાત અંગેના યુનિવર્સિટીના અભિગમને સ્પષ્ટ કરતાં દરેક કેન્દ્ર સંચાલકોને પોતાન કેન્દ્ર પર જરૂરી સુવિધાઓ અંગેની યુનિવર્સિટીને જાણ કરવા અપીલ કરેલ. યુનિવર્સિટીના કેન્દ્રોના કર્મચારીના પગારમાં થનાર વધારા અંગેની માહિતી આપેલ. સાથે સાથે સૌ સંચાલકોને ભવિષ્યમાં શરૂ થનાર ઓપન એડમીશન અંગેની માહિતી આપેલ. તદ્‌ઉપરાંત તેઓએ યુનિવર્સિટીની તૈયાર કરવામાં આવેલ CD ઓ તેમજ તેના કેટલોગની કોપી કેન્દ્રોને ટુંક સમયમાં મોકલી આપવાની જાહેરાત કરેલ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત યુનિવર્સિટીના કુલસચિવશ્રી એસ.સી.શાહ સાહેબે અંગ્રેજી ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વડા ડૉ. કમલભાઈ મહેતાનો આભાર વ્યક્ત કરતાં દરેક કેન્દ્ર સંચાલકોને પ્રસ્તુત વિષય અંગે પોત પોતાના પ્રશ્નો રજુ કરવા બદલ અભિનંદન પાઠવેલ.

સમગ્ર કેમ્પ સંચાલન યુનિ.ના વ્યાખ્યાતા ડૉ. કુસુમ શર્મા (વ્યા. હિન્દી) કરેલ.

**અમદાવાદ**

તા.18-10-08ના રોજ RC Technical ના હોલમાં મધ્ય ગુજરાતના કેન્દ્રોના પડતર પ્રશ્નોમાં યુનિવર્સિટી સહાય સેવા કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં માન. કુલપતિશ્રી એ. કે. સિંહ અને કુલસચિવશ્રી એસ. સી. શાહનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે કેન્દ્ર સંચાલકોને સંબોધતા માન-કુલપતિશ્રી કેન્દ્ર સંચાલકો તેમજ યુનિવર્સિટીના બીજા કર્મચારીઓના માનદ્ વેતનમાં થયેલા વધારા તેમજ મહેકમ અંગેના નવા સુધારાઓ અંગે વિગતવાર માહિતી આપી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતા પ્રવર્તમાન પરીક્ષાકીય કાર્યવાહીનો ટુંકો અહેવાલ આવ્યો. જેમાં યુનિવર્સિટી દ્વારા તૈયાર થઈ રહેલ વિવિધ ડિગ્રી સર્ટીફિકેટ માટેની વિગતવાર માહિતી આપેલ CCC+ તેમજ CCC ઈન સર્વિસ માટેના તમામ પડતર પ્રશ્નો અંગેના નિવારણ અર્થે માનનીય કુલપતિશ્રીએ સંબંધિત વિભાગોને ત્વરીત નિરાકરણ લાવવા માટે આદેશ આપેલ.

પેશગી સંબંધિત પડતર પ્રશ્નોના નિરાકરણ અર્થે મુખ્ય પ્રશ્નો ચર્ચતા હિસાબી વિભાગને ત્વરિત નિર્ણય લાવવા માટે જાણ કરવામાં આવેલ.

પરીક્ષા વિભાગના નવા સમયપત્ર તૈયાર કરવા તેમજ વિવિધ કેન્દ્રોને તે અંગેની જાણ કરવા અંગેનો પણ તેઓએ વિચાર રજુ કરેલ બીજી યુનિવર્સિટીઓ દ્વારા પરીક્ષા તેમજ અન્ય વહીવટી કાર્યોમાં વિવિધ કોલેજોના સહયોગ માટે વિચાર રજુ કરેલ અને આ માટે ચાર નામ નક્કી કરી આપવા જણાવેલ.

ઈગ્નોની વાર્ષિક પગાર ચુકવણી પદ્ધતિની ચર્ચા થયેલ ત્યારબાદ તેઓએ દરેક વ્યાખ્યાતાઓને અમુક ચોક્કસ જિલ્લાઓની ફાળવણી અંગેની પણ ઘોષણા કરી.

યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતા પત્રવ્યવહારને સક્રિય તેમજ સસ્તો બનાવવા માટે દરેક કેન્દ્રો પાસેથી તેમના e-mail આઈ ડી ત્વરિત જમા કરાવવા સૂચના આપવામાં આવેલ. યુનિવર્સિટીના વિવિધ કાર્યશીલ પાસાઓની સંક્ષિપ્ત માહિતી આપતાં તેઓએ DTH અને તેને સંબંધિત રીપેરીંગના પ્રશ્નો કેન્દ્ર પર ફાળવવામાં આવેલ ફર્નિચર અંગેના પ્રશ્નો તેમજ જો કોઈ કેન્દ્રને આ વિષય અન્વયે કોઈપણ પ્રકારની મુશ્કેલી જણાય તે અંગેના નિરાકરણો પણ મુખ્ય વક્તવ્ય તરીકે તેઓએ આપેલ.

યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ મોબાઈલ વાન અને ભવિષ્યમાં થનાર તેના ઉપયોગ તેમજ વિવિધ કેન્દ્રો સંચાલકોના અભિપ્રાયોને સાથે રાખી એક સામુહિક ચર્ચા કરવામાં આવેલ. ઈંગ્લીશ લેંગ્વેજ લેબ તેમજ તેને સંબંધિત વિષયો પર પ્રકાશ ફેકવામાં આવેલ. યુનિવર્સિટીના નવા કેન્દ્રો અંગેની પણ માન. કુલપતિએ સંક્ષિપ્ત માહિતી આપેલ.

સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત કરવાની થતી જરૂરી પ્રવૃત્તિઓ તેમજ તે અંગેના અભિપ્રાયો અંગે પણ ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમ ધ્યાનમાં રાખી યુનિવર્સિટી સ્તરે કરવાની થતી ત્રિમાળખાકીય પ્રવૃત્તિઓનું જેમ કે (1) કેન્દ્ર સ્તરે (2) યુનિવર્સિટી સ્તરે (3) વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે લઈને સંયુક્ત ઉપક્રમે પોતાના વ્યક્તવ્યના સમાપનમાં તેઓએ વિવિધ કેન્દ્રોને આગળ આવી કેન્દ્ર સ્તરે વિવિધ સેમિનારો યોજવા માટેના પ્રસ્તાવો મુકવા માટે આહ્વાન આપ્યું.

આવેલ કેન્દ્રોના સંયોજકોના પડતર પ્રશ્નોનું નિરાકરણ યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને જે તે વિભાગના ઈન્ચાર્જશ્રીઓ દ્વારા કરવામાં આવેલ.

પાટણ તથા સુરત રાજકોટ અને અમદાવાદ સહાય કેમ્પ યોજેલ અન્વયે યુનિવર્સિટી તરફથી સત્તામંડળની મંજુરીની અપેક્ષાએ નીચે મુજની માહિતી ઈ/ચા કુલસચિવશ્રી એસ. સી. શાહ દ્વારા આપવામાં આવેલ.

(1) ગુણ ગ્રેડની યાદી/મુલ્યાંકન ફોર્મ/બીલ માટે જરૂરી ફોર્મ/કેન્દ્ર દીઠ લેટર પેડ યુનિવર્સિટી તરફથી છાપકામ કરાવી મોકલવામાં આવશે.

(2) Induction Meeting એ આવશ્યક છે. આ મીટીંગ માટે દરેક કેન્દ્રને પ્રવેશ સંખ્યા મુજબ વિદ્યાર્થી દીઠ રકમ ચુકવવામાં આવશે.

(3) T. A. માટે S. T. / Luxuary / Train ભાડુ Actual ના ધોરણે તથા સરકારી નિયમ પ્રમાણે જ. Petrol Charge મળવાપાત્ર હશે તેને મળી શકશે.. D.A. માટે જમવાનું હોય તો D. A. મળે નહિ. 24 કલાકની મુસાફરી માટે D. A. દર મુજબ તથા વધારે સમય માટે તે મુજબ વધારાનું D. A. મળવાપાત્ર થશે. ખંડ સમયના કર્મચારી હોવા છતાં D. A. દર મૂળ સંસ્થાના પગાર ધોરણ મુજબ આકારવાનું રહેશે.

(4) પ્રવેશ ફોર્મ વહેંચણી વેતન રૂા.1 માટે તમામ શૈક્ષણિક સત્ર માટે લેવાયેલ ફોર્મની ડી.ડી. સાથેની વિગત, વણવેચાયેલ ફોર્મ પરત મોકલેલના આધારો સાથે સેશન દીઠ એક કેન્દ્ર તમામ કેન્દ્રની માહિતી ભેગી કરી રજુ કરવાથી ચુકવણું તાત્કાલિક કરવામાં આવશે.

(5) યુનિવર્સિટી આદિવાસી વિસ્તાર, અંતરીયાળ વિસ્તાર માટે Special કેમ્પ કરી સ્પેશીયલ પ્રોગ્રામ સેન્ટરની પ્રપોઝલ માટે ત્રણ સત્ર સુધી પ્રોગ્રામ સેન્ટર તરીકે Support કરશે.

(6) સંયોજકશ્રી તથા પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓના માનદ વેતનના દર સુધારવામાં આવશે.

(7) સ્વાધ્યાયકાર્યના માર્ક તે કેન્દ્રએ તમામ રેકોર્ડસની ઝેરોક્ષ કોપી કઢાવી યુનિવર્સિટીને ઝેરોક્ષ નકલ

મોકલી આપવાથી આ માટેના પ્રશ્નો હલ થશે. આ માટે સરક્યુલર આવેથી કામગીરી કરવી.

(8) CCC-Inservice તથા CCC+ બીલોની ચકાસણી પુરી થયેલ છે. તા.15-10-2008 સુધીમાં જે તે કેન્દ્રને ચુકવણાંના ડ્રાફ્ટ/ચેક મળી જશે.

(9) યુનિવર્સિટી Infrastructurs પુરું પાડે છે. Maintenance સંસ્થાએ ભોગવવાનું રહેશે.

(10) યુનિવર્સિટીને પ્રવેશ, પરીક્ષા, એસેસમેન્ટ માટે સંયોજકશ્રીઓ તથા પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓના સહકારની જરૂરિયાત છે. આપશ્રી તે માટે આપનું નામ, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર, સરનામું, e-mail આપશો.

(11) યુનિવર્સિટીને Communication આપશ્રીને ત્વરિત અને ઝડપથી પહોંચાડવા માટે આપના તરફથી શહેરદીઠ કે જિલ્લા દીઠ સંયોજકશ્રીનું નામ-ટેલિફોન નંબર, મોબાઈલ નંબર, સરનામું, e-mail આપશો. જેથી માહિતી મોકલી શકાય. યુનિવર્સિટી તરફથી માહિતી મોકલશે પરંતુ આ વ્યવસ્થા ત્વરીતતા લાવી શકાય.

(12) 'જ્ઞાનગંગા'માં પ્રકાશિત કરવા કેન્દ્ર દ્વારા રીપોર્ટ મોકલવામાં આવે તો માહિતી પ્રસરી શકે.

(13) કેન્દ્ર તરફથી વિદ્યાર્થી સહાય સેવા SEMINAR Workshop નું આયોજન જિલ્લા સ્તરે કરવા Proposal આવશે તો તે માટે વિચારણા કરવામાં આવશે.

(14) યુનિવર્સિટી તરફથી ડિરેક્ટરી પ્રકાશિત કરવાની હોવાથી પત્ર પાઠવવામાં આવેલ છે. તે મુજબ માહિતી મોકલી આપવી.

(15) યુનિવર્સિટી તરફથી વણવપરાયેલ ઉત્તરવહીઓ વણવેચાયેલ માહિતી પુસ્તિકા તથા વહેંચાયેલ અભ્યાસ સામગ્રી 'To pay' રસીદથી મોકલવા જણાવેલ તે સમયસર મોકલી આપવું.

(16) યુનિવર્સિટીના કર્મચારીઓ તથા કેન્દ્ર પરના વર્ગ-4ના ખંડ સમયના કર્મચારીઓને B.P.P. નો અભ્યાસક્રમમાં પ્રવેશ લેવો હશે તો તેની ફીમાં રાહત કરવામાં આવશે.

(17) પરીક્ષા કેન્દ્ર જિલ્લાવાર નક્કી કરવા કોઓર્ડિનેટર સહકાર આપે.

(18) 2010 સ્વર્ણિમ ગુજરાત માટે કરવાની થતી કામગીરી માટે આપના સૂચનો આવકાર્ય છે.

(19) નવેમ્બર-2007, એપ્રિલ-2008માં લેવાયેલ સર્ટિફીકેટ અભ્યાસક્રમના પ્રમાણપત્રો તા.15-11-2008 સુધીમાં કેન્દ્રો પર મોકલી આપવામાં આવશે.

**ચેતના શાહ વ હરદિપસિંહ ગોહિલ**

## પ્રાસંગિક

### ડૉ.બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિનની ઉજવણી :-

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેમ્પસમાં તા. 6 ડિસેમ્બર. 2008 ના રોજ સાંજે 5-00 વાગે 20મી સદીના મહામાનવ ડૉ.બાબાસાહેબ આંબેડકર શ્રધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયેલ. શ્રી અરૂણભાઈ યાર્દી, 'પૂર્વ પ્રો. સદ્‌ગુણા આર્ટસ કોલેજ મુખ્ય વક્તા હતા. કાર્યક્રમની શરૂઆત બાબાસાહેબ આંબેડકરના ફોટાને પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમા યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ.અવધેશકુમાર સિંહ, પ્રો. રમણ સોની તથા વ્યાખ્યાતાશ્રીઓ અને અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત બે મિનિટનું મૌન રાખ્યું હતું.

શ્રી યાર્દીએ શ્રધ્ધાંજલિમાં ભાવપૂર્વક સામેલ કરવા બદલ યુનિ.નો આભાર માની કહ્યું કે, આપણે સૌ શ્રધ્ધાંજલિ આપવા ભેગા થયા છીએ. જેમાં મનની ભાવના છે. ખાલી શબ્દો નથી. સામેની વ્યક્તિની મહાનતાને અને તેમના ગુણને સમજવાની અને તેને આત્મસાત્ કરવાની તૈયારી હોય તેને શ્રધ્ધાંજલિ કહેવાય. આંબેડકર અનન્ય વ્યક્તિ હોવા છતાં જાણીતું નામ નથી. દલિત, અસ્પૃશ્યતા, વેદના, અવરોધો, સહન કરીને પણ ભારતના બંધારણના ઘડવૈયા બની તેમણે પ્રખર વ્યક્તિત્વ ઊભું કર્યુ. બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો. દેશની એકતા અને અખંડિતના જાળવવા એમણે પ્રયત્ન કર્યા આંબેડકર પોતે કમાન્ડો હતા તેઓ એ કમાન્ડોની જેમ આંતરિક દુશ્મનો સાથે લડીને અસ્પૃશ્યતાના નિવારણ માટે કાર્યો કર્યા. દેશની કૂચમાં સમાજના દરેક વર્ગને જોડી શક્યા નથી આથી આપણે વિકાસમાં હરણફાળ ભરી શકતા નથી. તથા આ ભાવનાઓ પ્રત્યે રાષ્ટ્રભક્તે પોતાનો દષ્ટિકોણ બદલવો જોઈએ તે સિવાય બીજો કોઈ વિકલ્પ નથી તો જ આપણી શ્રધ્ધાંજલિ સાર્થક થશે.

કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહે કહ્યું કે, જેનું નામ આપણી યુનિ. સાથે જોડાયેલું છે એના, વિશે, એમના નિર્વાણદિને, થોડીક વાત આપણે જરૂર કરવી જોઈએ. કેવા સંજોગોમાં એમણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો ને બૌદ્ધ ધર્મનો મર્મ શો છે તે પણ જાણવું જોઈએ. સરસ વક્તવ્ય માટે કુલપતિશ્રીએ પ્રો. યાર્દીનો આભાર માન્યો હતો.

**ચેતના શાહ**

### ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિકાસ માટેનું આયોજન :-

ગુરુવાર તા. 4 Dec 2008 ના રોજ કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને, બોર્ડ મેમ્બર્સશ્રી પરાગભાઈ નાયક, શ્રધ્ધાબેન રાય, મંદાબેન પરીખ અને શ્રી ધરમભાઈ કાંબલીયા, યુનિવર્સિટીનાં રજીસ્ટ્રારશ્રી એસ.સી.શાહ અને વિવિધ

વિભાગોના વડાની એક બેઠક આગામી પાંચ વર્ષના આયોજન માટે મળી હતી 11 થી 5 વાગ્યા સુધી ચાલેલ આ બેઠકમાં વિવિધ વિગતો રજુ થઈ હતી અને તેની ચર્ચાવિચારણા થઈ હતી.

બેઠકના આરંભે કુલપતિશ્રીએ કહ્યું હતું કે જે સારું થાય છે તે વધારે સારી રીતે થાય તે માટે તેમજ જયાં ક્ષતિઓ કે મર્યાદાઓ છે ત્યાં એને નિવારી શકાય તે માટે આયોજન કરવું જરૂરી છે. આ રીતે આપણે પાંચ વર્ષ માટેનો એક્શન પ્લાન તૈયાર કરવાનો છે.

વિવિધ વિભાગના વડાશ્રીઓએ પોતપોતાના વિભાગનાં આયોજન રજુ કર્યા હતાં. અને તેના પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તેમાં સુધારા વધારા અને નવા આયોજન સૂચવાયા હતા તેને આધારે કેટલાક નિર્ણયો સુધી જઈ શકાયું હતું. બોર્ડના હાજર રહેલ સભ્યશ્રીઓએ પણ ચર્ચામાં જીવંત ભાગ લઈ નિર્ણય લેવામાં મદદરૂપ થયા હતા.

ઈન્ચાર્જ કુલસચિવશ્રી સુરેન્દ્રભાઈ શાહ યુનિવર્સિટીના વિકાસ માટે પાંચ વર્ષ માટેના Action plan માટેની બ્લૂ પ્રિન્ટ રજુ કરી હતી તેના પર ચર્ચા થઈ હતી. અને તે સંદર્ભે નિર્ણયો લેવાયા હતા.

આ પ્રસંગે કોમન વેલ્થ દેશોની ઓપન યુનિવર્સિટીના PVC ડૉ. આશા કવંરજી આપણી યુનિવર્સિટીના નિમંત્રણથી ઉપસ્થિત રહ્યાં હતાં. એમણે ઓપન યુનિવર્સિટીની નવી દિશાઓ અંગે કેટલીક વિચારણીય વાતો કહી હતી તેમના વક્તવ્યનો કેટલોક સાર આ અંકમાં પ્રકાશિત કરેલ છે.

4th Dec 2008

**ચેતના શાહ**

## કૉમનવેલ્થ ઑફ લર્નિંગનાં વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. આશા કંવરનો યુનિવર્સિટીમાં વાર્તાલાપ

કેનેડામાંની, મુક્ત વિદ્યાલય જેવી સંસ્થા કૉમનવેલ્થ ઑફ લર્નિંગના ઉપાધ્યક્ષ અને અંગ્રેજી સાહિત્યનાં અભ્યાસી ડૉ. આશા કંવરે યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહ, બોર્ડના સભ્યો, કુલ સચિવ તથા અધ્યાપકોની એક સભામાં સહજ ઉદ્‌બોધન કરતાં કેટલીક વિચારણીય વાતો કહી :

1. ઉચ્ચ શિક્ષણ મેળવનારનું પ્રમાણ - ટકાવારી - વધારવા માટે મુક્ત વિશ્વવિદ્યાલયો વધુ સફળ થયાં છે. કેમ કે, એ ઓછામાં ઓછી ઔપચારિકતાની શરતે સૌને માટે દ્વાર ખુલ્લાં રાખે છે. એ કારણે, કૉમનવેલ્થના દેશોમાં મુક્ત વિશ્વવિદ્યાલયોની સંખ્યા 10 હતી તે આજે 27 પર પહોંચી છે.

2. માહિતી-વિસ્ફોટના આ સમયમાં જ્ઞાન પ્રાપ્તિનાં સાધનોમાં સૌથી વ્યાપક ને અસરકારક સાધન ઈન્ટરનેટ છે. અભ્યાસક્રમ સૂચવવામાં જ આવે, ને વિદ્યાર્થીઓ સામગ્રી ઈન્ટરનેટ પરથી મેળવે. કેનેડિયન ઓપન યુનિવર્સિટીનો એક નિયમ એ રહેલો કે, સામગ્રી નવેસર તૈયાર કરવાને બદલે સૌને ઈન્ટરનેટ અભિમુખ કરવા.

3. કેવળ વિદ્યાલક્ષી (એકેડેમિક) અભ્યાસક્રમો કરતાં, આજના સમયમાં, પ્રોફેશનલ અને વૉકેશનલ - વ્યાવસાયિક - અભ્યાસક્રમો વધુ પ્રસ્તુત છે કેમ કે ત્વરિત રોજગારી આપવામાં એ વધુ ઉપયોગી છે.

4. અભ્યાસક્રમ એ સતત બદલાતી, જીવંત બાબત છે. જેમ કોઈ પણ ચીજવસ્તુની એક્સ્પાયરી ડેટ હોય છે એવું જ અભ્યાસક્રમનું પણ હોય. એનો એ અભ્યાસક્રમ અમુક વખત પછી નકામો બની જાય છે. એટલે સતત એમાં સંશોધન, પરિવર્તન કરવું જ જોઈએ.

5. જૅક પોલેકે આપેલા શિક્ષણના ચાર પીલર્સ - સ્તંભો - એમણે બતાવ્યા કે - શિક્ષણ એ જાણવા માટે છે, કાર્યદક્ષતા માટે છે, અસ્તિત્વ માટે (ટકવા માટે) છે અને સાયુજ્યપૂર્ણ જીવન માટે છે.

6. દૂરવર્તી શિક્ષણમાં રહેલી ક્ષતિઓને દૂર કરવા તથા એને વધુ ઉપયોગી કરવા માટે એમણે ‘વિદ્યાર્થી સહાય સેવાઓ’ પર ભાર મૂક્યો.

છેલ્લે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. દ્વારા વિદ્યાર્થીલક્ષી વિવિધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા અંગે એમણે પ્રસ્તાવ કર્યો કે, SEMCA તરફથી રૂ. 10,000/- ‘બેસ્ટ સ્ટુડન્ટ ઍવૉર્ડ’ આપી શકાશે.

**- હરદિપસિંહ ગોહિલ**

## અભ્યાસક્રમો અંગે પ્રોગ્રામ એડવાઈઝર કમિટીની બેઠકો :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીઓની યુનિવર્સિટી મુખ્ય મથકે બેઠકો મળી હતી અને તે અભ્યાસક્રમો અને મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

(A) **બેચરલ ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સ-BLIS**

(1) તા. 15,16,21/12/08 ના રોજ પરામર્શન માટે વર્કશોપનું આયોજન કરવું.

(2) અનુવાદ કરવાના બાકી બ્લોક બને તેટલા ઝડપથી અનુવાદ કરાવી મેળવી લેવા.

(3) તજજ્ઞનો અનુવાદ કરવા માગતા ન હોય તો પરત લઈ બીજાને અનુવાદ કરવા આપવું.

(4) પરામર્શકાની યાદી તૈયાર કરવામાં આવી.

(5) શક્ય તેટલી ઝડપી અભ્યાસ સામગ્રી તૈયાર કરવી.

(B) **શૈક્ષણિક હોસ્ટેલના રેક્ટર(ગૃહમાતા) માટે સર્ટિફિકેટ કોર્ષ** અભ્યાસક્રમ અંગેની PACની બેઠક તા. 11-11-08, તા. 21-11-08 અને 1-12-08ના રોજ મળી હતી અભ્યાસક્રમ તૈયાર કરવા માટે પાઠ્યક્રમો કેવી રીતે વિભાજીત કરવા, મૌલિક રીતે અભ્યાસ સામગ્રી કેવી રીતે તૈયાર કરવી તથા અભ્યાસ સામગ્રી ઝડપથી તૈયાર થાય તે અંગે નિર્ણયો લેવામાં આવ્યા હતા.

**(C) માસ્ટર ઓફ સોશિયલ વર્ક (MSW)**

તા. 29-8-08ના રોજ MSWના PACના સભ્યોની એક બેઠક મળી હતી મીટીંગમાં શૈક્ષણિક શિબિર, નિવાસી તાલીમ અને લઘુશોધ નિબંધ અંગે નિર્ણયો લેવામાં આવ્યા.

**(D) માસ્ટર ઓફ સોશીયોલોજી - (MSO)**

તા. 22-9-08ના રોજ MSO અભ્યાસક્રમમાં PAC ના સભ્યોની એક બેઠક મળી હતી. સદર બેઠકમાં યુનિવર્સિટી દ્વારા ચાલતા MSOના અભ્યાસક્રમની અભ્યાસસામગ્રીની સમીક્ષા કરવા માટે, તેની ભાષા સરળ બનાવવા, નવા સંદર્ભ પ્રગટ કરી સમજાવવા, વિષયવસ્તુ રજૂઆત વગેરેમાં સુધારા કરવા, દરેક પેપરની અલગ અલગ નિષ્ણાત પાસે સમીક્ષા કરાવવાનું નક્કી કરવામાં આવ્યું.

**(E) માસ્ટર ઓફ વેલ્યુએશન ઈન રિયલ એસ્ટેટ એન્ડ માસ્ટર ઓફ વેલ્યુએશન ઈન પ્લાન્ટ એન્ડ મશીનરી MVRE & MVPM**

તા. 23-11-08ના રોજ MVRE અને MVPM અભ્યાસક્રમના PAC ના સભ્યોની એક બેઠક મળી હતી જેમાં બીજા સેમીસ્ટર મટીરીયલ બાબત, પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના પરિણામ બાબત તથા બીજા સેમીસ્ટરની પરીક્ષા બાબત ચર્ચા કરવામાં આવેલ.

## અધ્યયન અને શોધકાર્ય વિષયક :

આ કોલમ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યાપકોના શોધકાર્યનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવે છે. અર્થશાસ્ત્ર વિષયના વ્યાખ્યાતા ડૉ. હેતલ પંડ્યાનો Ph.D શોધકાર્યનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે :

**Title** : Agricultural Production Functions Food Vs. Non-Food Crops in India

**Researcher** : Dr. Hetal Pandya

**Guide** : Prof. V. P. Bharadwaj<br>Ex.-Director School of<br>Social Sciences<br>Gujarat University Ahmedabad

**University** : Gujarat University

**Degree** : Ph.D.

**Agricultural Production Functions : Food vs. Non-Food Crops in India**

**Ph.d. Thesis of Dr. Hetal Pandya**

Production Functions have been put to diverse uses in Agriculture ranging from the simple problem of input-output relations to the relatively more complex problem of rationality of the peasant farmers Its has been so pervasive that there has been hardly any empirical study on Agricultural Production without fitting a production function, at least of the Cobb-Douglas form. While the main stream economists continue to feel strongly that production functions are useful among other things, for the problems of resource allocation among different factors of production both at micro and macro levels, there are else who feel that "cross-sectional production functions are bound to be an unrewarding work" because having marked by cross disregard for common sense as well as the elementary principles of statistics, they "suffer from serious methodological drawbacks" still the nature of production functions is important in economic development and in determining the extent to which national products can be increased from given resource stocks. The magnitude of production co-efficients serve as the base for determining optimum patterns of international and/or inter-regional trade.

In this context, an attempt is made to evaluate production function studies on Indian agriculture. Our study takes into account the major Food vs. Non-Food crops in India. Out of the major Food and Non-Food crops, Rice and Wheat (Food Crops) and groundunt and cotton (Non-Food crops) have been respectively selected for our study.

One of the main objectives of this analysis is to arrive at some judgment about the efficiency of the prevalent factor proportions in production and hence suggest the changes in these proportions in the optimal direction. Specific objectives of the study are :

* Estimate the factor productivities and returns-to scale, through the production function analysis;
* Examine the changes in the composition and growth of Food vs. Non-Food crops at sub-regional level;
* Demonstrate empirically how to measure seperately the influence of technical and allocative risks on production, using the Stochostic Frontier Production Function at sub-regional level.

The Agro-Climatic Regional Planning (ACRP) approach delineates the country into 15 agro-climatic regions and 73 sub-regions having a high degree of commonality. The principles used for the sub-regionalization related intrinsically with the character of the agricultural economy, namely, soil type, climate, temperature & its variations, rainfall and other agro-meteorological characteristics, water and aquifer conditions. The demarcated agro-climatic zones were not considered adequately homogeneous for the purpose of a detailed operational planning and hence sub-regionalization was carried out. These 3 sub-zones describe within the state level agro-climatic and socio-economic features. The present analysis was carried out for all selected Food as well as Non-food crops at the state-sub regional level.

For the choice of an appropriate production model, four plausible functional relationships relating production with the inputs (Fertilizer consumption, HYV seeds, irrigation) were fitted. Models were Linear, Cobb-Douglas, Semi-log and Exponential Models. Of these fitted models, the most commonly used Cobb-Douglas, Semi-log and Exponential Models accounting for the variation in out-put was not substantial.

Analysis was carried out for the major selected 24 sub-regions and the time-series data from 1980-81 to 1992-93 for all selected crops has been the database for our present study. Secondary data available at Agro-Climatic Regional Planning Unit (APRU), Planning Commission unit was used for the analysis at Sub-regional level.

Crop-wise Major selected Sub-regions are as follows :

**Rice** : North Coastal Andhra AP (1) South Coastal Andhra AP (2) South Telegana AP (5) North Telegana AP (6) Chhatisgadh Hills MP (6) Southern Punjab PUN (3) Central Region TN (2) Coastal WB (3) Rarh & Eastern Plateau WB (4).

**Wheat** : Southern Punjab PUN (3) Plains HAR (2) Arid HAR (3) Eastern Plains UP. (5) South Western Plains UP (7).

**Groundnut** : South Coastal Andhra AP (2) Central Region TN (2) ME Coastal Region TN (3), North Saurashtra GUJ (6) South Saurasthra GUJ(7).

**Cotton** : Middle Gujarat GUJ (3), North Saurashtra GUJ (6) Northern Dry Region KAR(1).

Major Findings and Conclusions at Sub-regional level for each crop are given below.

**Rice :**

Andhra Pradesh was found to be the best state for rice crop as almost all selected sub-regions gave good response towards the production of rice. Out of the selected inputs, irrigation facilities show a positive response in almost all sub-regions indicating a rise in the production of rice. The contribution of Fertilizer consumption was found to be negative which indicates that the use of fertilizers has no significant effect in increasing the production. Highest production of rice was found in Southern Punjab PUN (3) while it was Lowest in Keymore Plataeau & Satpura MP (6). Increasing returns-to-scale was maintained by all the sub-regions in case of both Food and Non-Food crops which shows that the proportionate increase in output is more than the proportionate increase in output is more than the proportionate increase in inputs.

**Wheat :**

Haryana was found to be the best state for Wheat crop. Of the selected inputs, the use of Fertilizers is maximum in all sub-regions indicating a positive effect on production of this particular crop. Irrigation facilities had a negative effect on production in all sub-regions except for Southern Punjab PUN (3). Thus, it can be said that the modern techniques of production have been favourable for this crop. Almost all sub-regions had the increasing trend for actual as well as estimated output during the period 1984-85 to 1992-93. Highest production of wheat was found in Southern Punjab PUN (3) and lowest in Eastern Plains UP (3) during the same of factor elasticities was found to be greater than 1 showing Increasing returns-to-scale prevailing for this crop. Thus, the production of wheat crop can be increased by the use of modern techniques of production. The use of HYV seeds has brought has brought about rise in the productivity of wheat.

**Groundnut :**

Andhra Pradesh is the best state for groundnut crop out of the major groundnut producing states. While the effect of fertilizer consumption was found to be positive except for North Region TN (1), the irrigation facilities also had a positive effect for all sub-regions except South Coastal Andhra AP (2). Sudden fall in groundnut was noticed in actual and estimated output during the year 1987-88 in South Saurashtra GUJ (7) which rose and reached its maximum in 1988-89. Estimated output was much closed to Actual output in two sub-regions namely South Coastal Andhra AP (2) and North Region TN (1). Returns to-scale was seen to be increasing by all selected sub-regions.

**Cotton :**

Gujarat was found to be the best state for cotton crop. Out of the inputs chosen, the effect of fertilizer consumption was found to be positive in almost all sub-regions while effect of irrigation was positive in all sub-regions except for Northern Dry region KAR (1). Thus, the modern techniques of production ( especially fertilizers) can be used in increasing the production during the years 1985-86 and 1987-88. Decreasing trend was observed in sub-regions Northern Dry Region KAR (1) and North Saurashtra GUJ (6) during the period 1984-85 to 1992-93.

Lastly, we have attemped to estimate the "Crop wise Efficiency Measurements" for the major sub-regions of important states for the year 1992-93. For this purpose, a Frontier poroduction Function of Cobb-Douglas type is specified for the panel data. A Production Frontier is a functional form which gives the maximum possible output from the gives quantities of a set of inputs. From an econometric point of view, the estimation of frontiers is interesting because the concept of maximality (or minimality in case of costs) puts a bound on the dependent variable. The points below the frontier are the indicators of inefficiency and this measurement of inefficiency is the main motivation of study of frontiers. Both Deterministic and Stochastic frontiers were estimated and the analysis for Frontiers was carried out at sub-regional level.

To estimate the parameters of Frontiers we have used two approaches of "Corrected Ordinary Least Squares (COLS)" method as suggested by Aigner and Chu (1968) in their paper entitled " On Estimating the Industry Production Function" in American Economic Review, Vol 8. Technical Inefficiency for 46 sub-regions was estimated using the frontier estimates.

**Major Findings and Conclusions of Frontier estimation** were as under :

* For Rice Bastar Plateau MP (3) and Chhatisgadh Hills MP(5) were "most efficient" and

"least efficient" sub regions respectively by both the methods.

✻ Arid HAR (3) and South Western Plains UP (7) indicated to be " most efficient" for Wheat crop. While, North Eastern Plains UP (2) and Rayalseema AP (4) are the most efficient and " least efficient" sub-regions respectively by both the methods.

✻ In case of Groundnut Central Region TN (2) and Rayalseema AP (4) are the "most efficient" and least efficient" sub-regions respectively by both methods used.

✻ For Cotton crop, the "most efficient" and "least efficient" sub-regions by both the methods are Northern Dry Region KAR (1) and S E Coastal Region TN (3) respectively.

For both Food as well as Non- food crops majority of sub-regions were found to be below the estimated frontiers indicating Technical Inefficiencies. Thus, the present analysis of Indian agriculture for major Food and Non-food crops reflects that even though the progress in this sector has taken place extensively, it is not still up to the mark. Most of the states and sub-regions within them show a great scope of improvement with regards to the following major inputs, thereby enabling to reduce the technical inefficiencies:

✻ Land resource management
✻ Water resource management for irrigation
✻ Fertilizer consumption
✻ Use of HYV seeds
✻ Crop diversification

There is a vast diversification within the sub-regions with respect to agro-climatic characteristics such as soil, rainfall, climate, temperature, land use, liverstock, etc. Due to these disparties the policy imlications differ for each state and also for various sub-regions. No common strategy can be suggested for crops/crop groups or sub-regions. Several factors influence the policy decisions. Further, it was found that irrigation is a dominant factor and it grabs the effect of the remaining inputs. Increasing returns-to-scale was observed in case of both Food as well as Non-food crops which is against the impression of diminishing returns in agricultural sector. This implies the effective use of modern technologies such as better fertilizers, use of HYV seeds, intensive farming system practices, improved irrigation facilities, etc., indicating the progressive nature of estimation of production frontiers yields information on technical inefficiency but not on allocative inefficiency since it uses data on input quantities but not prices. The stochastic model can also be extended so as to obtain saperate estimates of technical and allocative inefficiency, provided that the functional form chosen for the production frontier is traceable to permit deviation of the cost and input demand frontiers in closed form.

## દૂરવર્તી શિક્ષણ : એક પરિચય

શિક્ષણના બદલાતા પ્રવાહોને કારણે શિક્ષણના અનેક નવા પાસાંઓ આપણી સામે આવ્યાં છે. તેમાનું જ એક પાસું દૂરવર્તી શિક્ષણ. આર્થિક વિકાસની સાથે સાથે લોકોની જ્ઞાનપિપાસા વધી છે અને તેને સંતોષવા આજે દૂરવર્તી શિક્ષણ વધુને વધુ પ્રચલિત બનતું જાય છે. વળી ટેકનોલોજિ દ્વારા થયેલી નવીનતમ શોધખોળોને કારણે તેનો ફેલાવો પણ વધતો જાય છે. આજે અનેક લોકો પરંપરાગત વર્ગખંડોમાંથી બહાર નીકળીને આ રીતે શિક્ષણ મેળવી રહ્યા છે. દૂરવર્તી શિક્ષણ આજે વૈશ્વિક બની ગયું છે. વિકાસમાન દેશો માટે આ પ્રકારના શિક્ષણને કારણે શિક્ષણ પ્રાપ્તિની તેમજ પોતાની માનવમૂડીને સમૃદ્ધ કરવાની તકો વધી છે.

દૂરવર્તી શિક્ષણનો ઉપયોગ વિવિધ હેતુસર તેમજ વિવિધ પ્રકારના અભ્યાસ માટે થાય છે. યુનિવર્સિટીઓ દૂરવર્તી શિક્ષણનો ઉપયોગ ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા માટે કરે છે, આંતરરાષ્ટ્રીય કંપનીઓ તેમના કર્મચારીઓમાં કૌશલ્યની વૃદ્ધિ કરવા તેમજ ઝડપથી આવતા તકનિકી પરિવર્તનોથી તેમને માહિતગાર કરવા કરે છે. વ્યક્તિઓ આ પ્રકારનું શિક્ષણ પોતાના વ્યાવસાયિક વિકાસ માટે મેળવે છે અને તેના દ્વારા કારકિર્દી ઊંચે લઈ જવા ઈચ્છે છે. તો સરકાર આ પ્રકારના શિક્ષણનો ઉપયોગ વિવિધ ક્ષેત્રની ખાસ કરીને શિક્ષણની વ્યક્તિઓને સેવાકાલીન તાલીમ આપવા માટે કરે છે. જેને કારણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તામાં વધારો કરી શકાય.

દૂરવર્તી શિક્ષણ માટે આજે અનેક પ્રકારની ટેકનોલોજિનો ઉપયોગ થાય છે પણ તેમાં મુદ્રિત સાહિત્ય દ્વારા ચાલતા પત્ર વ્યવહારના અભ્યાસક્રમો સૌથી વધુ પ્રચલિત છે તેમજ રહેશે. કારણકે મુદ્રણ એ પ્રમાણમાં ઘણું સસ્તું સાધન છે. તેમજ જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓની ગેરહાજરીમાં પણ મુદ્રિત સાહિત્યનો ઉપયોગ કરી શકાય છે.

શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ માટે દૂરવર્તી શિક્ષણ ઘણું અસરકારક માધ્યમ બની શકે છે. ખાસ કરીને વિકાસમાન રાષ્ટ્રોમાં જ્યાં બિનતાલીમી કે ઓછા તાલીમ પામેલા શિક્ષકો મોટા પ્રમાણમાં હોય ત્યાં આ પ્રકારના શિક્ષણનો ઉપયોગ કરી શકાય. વર્લ્ડ બેંક પણ આ પ્રકારની તાલીમ માટે સહાયક બને છે. અહીં પણ મોટે ભાગે મુદ્રિત સાહિત્યનો જ ઉપયોગ થાય છે તે ઉપરાંત કેટલાક દેશો આધુનિક ટેકનોલોજિનો પણ ઉપયોગ કરતાં થયા છે.

દૂરવર્તી શિક્ષણનો વધુ સારો ઉપયોગ દૂરના, ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે કરી પરંપરાગત પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવી શકાય. આ માટે મુદ્રિત સાહિત્ય ઉપરાંત રેડિયોનો પણ ઉપયોગ થઈ શકે છે. કારણકે આ પણ પ્રમાણમાં સસ્તુ અને પ્રચલિત માધ્યમ છે. રેડિયો દ્વારા પાઠોની રજૂઆત,

પ્રશ્નોતરી, પ્રયોગોની રજૂઆત, વાર્તા-ગીતો દ્વારા શિક્ષણ વધુ અસરકારક રીતે થઈ શકે છે.

દૂરવર્તી શિક્ષણ દ્વારા વિવિધ પ્રકારનું શિક્ષણ આપી શકાતું હોવાથી તેમજ તેમાં ટેકનોલોજિના આધુનિક સાધનોનો ઉપયોગ થતો હોવાથી તેની અસરકારકતા વધુ હોય એ સ્વાભાવિક છે. તેમ છતાં ઘણા દેશોમાં હજુ આવા દૂરવર્તી શિક્ષણના કાર્યક્રમોને વધુ ભરોસાપાત્ર ગણવામાં નથી આવતા તેમજ આ પ્રકારે અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓ જ્યારે કોઈ કાર્યમાં જોડાય ત્યારે પોતાના અભ્યાસની માન્યતા સાબિત કરવામાં તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પણ વાસ્તવિક રીતે જોઈએ તો દૂરવર્તી શિક્ષણ પણ પરંપરાગત શિક્ષણ જેટલું જ ગુણવત્તાવાળું હોઈ શકે છે.

દૂરવર્તી શિક્ષણની અસરકારકતા ચકાસવા માટે ઘણાં સંશોધનો હાથ ધરવામાં આવ્યાં છે. એમાંનાં મોટાભાગનાં સંશોધન મુદ્રિત સાહિત્યના ઉપયોગથી થયેલા દૂરવર્તી શિક્ષણની અસરકારકતા ચકાસવા માટેનાં હતાં અને તેનાં તારણોની સતત દૂરવર્તી શિક્ષણ પરંપરાગત શિક્ષણ જેટલું જ અસરકારક જોવા મળ્યું હતું. રેડિયો દ્વારા થયેલું અધ્યયન પણ વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક જણાયું હતું.

સંશોધનોનાં તારણો એવું જણાવે છે કે પરંપરાગત અને દૂરવર્તી શિક્ષણ એ રીતે બંને વિદ્યાર્થીઓ સમાન રીતે શીખી શકે છે, તેમ છતાં દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસક્રમ પૂરો થતાં પહેલાં છોડી દેનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ વધુ હોય છે. આ પાછળનાં કારણો વિચારીએ તો કહી શકાય કે જ્યારે બાળક શિક્ષક કે સહાધ્યાયીઓની ગેરહાજરીમાં એકલતાની ભાવના અનુભવે કે તેને પ્રેરણા ન મળે ત્યારે તે અભ્યાસ છોડી દે છે. વળી તેને જે ધીમું પ્રતિપોષણ મળે છે તેને પરિણામે પણ તે હતોત્સાહ થઈ શકે છે. આ ઉપરાંત ક્યારેક આર્થિક-સામાજિક પરિસ્થિતિને કારણે પણ તે અભ્યાસ પૂરો કરી શકતા નથી.

ગુણવત્તાનો પ્રશ્ન દૂરવર્તી શિક્ષણમાં પણ ઊઠે છે. કારણકે કેટલાક કાર્યક્રમો અને સંસ્થાઓની સુવિધાઓની, આયોજનની તેમજ ટેકનોલોજિના ઉપયોગની મર્યાદાઓને લીધે ગુણવત્તા નબળી જોવા મળે છે. કેટલીકવાર અભ્યાસક્રમ અને વિદ્યાર્થી સહાયક સેવાઓને પૂરતું મહત્ત્વ ન અપાવાને કારણે પણ આમ બનતું હોય છે.

આર્થિક દષ્ટિએ દૂરવર્તી શિક્ષણના કાર્યક્રમો પરંપરાગત શિક્ષણની તુલનામાં ફાયદાકારક બને છે એવું સંશોધનો દર્શાવે છે. પણ આ ત્યારે જ શક્ય બને જ્યારે પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓની નોંધણી થાય તેમજ તે સમગ્ર અભ્યાસક્રમ પૂરો કરે. આમ,દૂરવર્તી શિક્ષણની આર્થિક અસરકારકતાની વાત કરીએ ત્યારે તેના પર અસર કરતાં બે અગત્યના પરિબળો જોવા મળે છે. જેમાં એક છે પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓની સંખ્યા અને બીજું છે વિદ્યાર્થીઓને અપાતી સહાયક સેવાઓ. એક બાજુ એમ કહી શકાય કે જેમ વિદ્યાર્થીની સંખ્યા વધે તેમ વિદ્યાર્થી દીઠ અભ્યાસની પડતર ઓછી આવે તો બીજી બાજુ આની વિરુદ્ધ વિદ્યાર્થીઓની સંખ્યા વધે તેમ સહાયક સેવાની પડતર ઊંચી આવે. પડતર નીચી લાવવા માટે મર્યાદિત સંખ્યામાં અભ્યાસક્રમો ચલાવવા જોઈએ એવું પણ એક સૂચન કરવામાં આવે છે. કારણ કે નવા અભ્યાસક્રમોની રચના પરંપરાગત અભ્યાસક્રમોની તુલનામાં વધુ ખર્ચાળ પૂરવાર થાય છે. જે અભ્યાસક્રમોમાં સંખ્યા ઓછી હોય ત્યાં મુદ્રિત સાહિત્ય, ઓડિયો કેસેટ, વિડીઓ લેક્ચર વગેરે ઓછા ખર્ચાળ માધ્યમોનો ઉપયોગ કરી શકાય જ્યારે વધુ મોટી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે રેડિયો ઉપયોગી પુરવાર થાય. શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેના પ્રત્યાયન માટે કોમ્પ્યુટર કોન્ફરન્સિંગ એ ઓછું ખર્ચાળ છે. પણ વિડીઓ કોન્ફરન્સિંગ ખર્ચાળ બને છે.

લગભગ બસો વર્ષનો ઈતિહાસ ધરાવતું દૂરવર્તી શિક્ષણ તેનાં વિવિધ પાસાંઓથી અસરકારક લાગે તેમ છતાં તેને પણ કેટલાક પ્રશ્નો છે અને તેની સામે પણ કેટલાંક પડકારો છે. ઉદાહરણ તરીકે ઈન્ટરનેટના માધ્યમથી મેળવેલ ઉપાધિની ગુણવત્તા કેવી રીતે ચકાસવી ? કઈ તકનિકી સર્વશ્રેષ્ઠ છે ? શિક્ષણના ક્યા તબક્કે તકનિકીનો ઉપયોગ યોગ્ય ગણાય ? અન્ય દેશોના તૈયાર કરેલા કાર્યક્રમો અપનાવવા કે દેશે પોતે કાર્યક્રમો તૈયાર કરવા ? આવા અનેક પ્રશ્નો નીતિ ઘડનારાઓ અને તેને અમલમાં મૂકનારાઓ સામે ઉદ્ભવે છે ત્યારે દરેક દેશે પોતાની પરિસ્થિતિના સંદર્ભમાં જરૂરી સંશોધનો કરી યોગ્ય પૃથક્કરણ અને મૂલ્યાંકન કર્યા બાદ જ તેનું અમલીકરણ કરવું જોઈએ એમ કહી શકાય.

**ડૉ. પારુલ દવે**

## અભ્યાસ કેન્દ્ર પરિચય :

| | |
|---|---|
| અભ્યાસ કેન્દ્રનું નામ | : શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ્ કોલજ, |
| કેન્દ્ર કોડ નંબર | : 1102 |
| સ્થાપના | : Feb. 2000 |
| સંયોજક | : અશ્વિનભાઈ પંડ્યા |

ભારતે 1947માં આઝાદી પ્રાપ્ત કરી તે સમયે ભરૂચ જીલ્લાના વાલીયા તાલુકામાં અંકલેશ્વરથી ગુજરાતની મહારાષ્ટ્ર બોર્ડર (190 કિ.મી.) સુધીમાં કોઈ જ ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજ 1994 સુધી ન હતી. આ વિસ્તારમાંથી ઉચ્ચ શિક્ષણની પ્રાપ્તિ માટે અંકલેશ્વર, ભરૂચ કે રાજપીપળા સુધી જવું પડ્યું હતું. જે આર્થિક રીતે નબળા પછાત કુટુંબો માટે ખૂબ જ વિકટ અને મુંઝવણ ભર્યો પ્રશ્ન હતો. તેમાં પણ મહિલાઓ માટે કોઈ સુવિધા નહતી. જુન 1994માં વાલીયામાં શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજ સ્થાપવામાં આવી જે હાલમાં આ વિસ્તારમાં એક વટવૃક્ષની જેમ વિકસી રહેલ છે. કોલેજનો મહત્તમ લાભ

આદિજાતિ સમુહની બહેનો પ્રાપ્ત કરે છે.

આર્થિક રીતે પછાત વિસ્તારમાં તાલુકા મથક ઉપર આવેલ આ કોલેજ સમાજના કચડાયેલા, ગરીબ અને સંતાનોને બહાર મુકી અભ્યાસ ન કરાવી શકે એવા વાલીઓ માટે આ સંસ્થાએ મહિલા શિક્ષણ માટેનું એક ઉત્તમ અને ઉમદા કાર્ય હાથ ધર્યું છે. છાત્રાલયની સગવડ હોવાથી આદિવાસી બહેનો ડેડીયાપાડા, સાગબારા, સેલંબા, ઉચ્છલ, નિઝર, ઉમરપાડા અને જંગલના ઉંડાણના વિસ્તારોમાંથી ઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે આ કોલેજમાં આવે છે, હાલમાં કોલેજના છાત્રાલયમાં 250 વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે.

આ વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ્ત સતત વધતો રહે તે માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનું કેન્દ્ર ફેબ્રુઆરી 2000ના વર્ષમાં શરૂ કરેલ છે. આદિવાસી અને આર્થિક રીતે પછાત વિસ્તાર હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યામાં ધીમો વધારો થઈ રહેલ છે. કોલેજના વિકાસની સાથે ઓપન યુનિવર્સિટીના કેન્દ્રનો પણ વિકાસ થાય તે માટેના સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ વિસ્તારના શિક્ષણ પ્રેમીઓ કે જેમની જ્ઞાનપીપાસા સંતોષાયેલા નથી તેવા વ્યક્તિઓ વધુ અભ્યાસ માટે કેન્દ્રમાં પુછપરછ માટે આવે છે અને હવે ઓછી આવક હોવાને કારણે પ્રવેશ ફી માફી હોવાને કારણે ઘણાં વિદ્યાર્થીઓ અભ્યાસમાં જોડાઈ રહ્યા છે.

આ કેન્દ્રમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયેલ છે. આદિવાસી વિસ્તારમાં આર્થિક પ્રશ્નો હોવાના કારણે ઝડપી વિકાસ નથી અથવા એમ પણ કહી શકાય કે શહેરો કે જીલ્લા કક્ષાના કેન્દ્રની જેમ સંખ્યામાં વધારો થયેલ નથી જેનું કારણ શિક્ષણનું પ્રમાણ ઓછું. ગરીબીનું વિષચક્ર અને કદાચ શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા તેમજ નાની ઉંમરથી જ છોકરા-છોકરીઓને આર્થિક ઉપાર્જન માટે જોડાવાની પ્રવૃત્તિ જવાબદાર ગણાવી શકાય. આવા આદિવાસી વિસ્તારમાં આવેલ કેન્દ્ર અને ઓપન યુનિવર્સિટીનો વ્યાપ વધારવા માટે કે વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા કેન્દ્રના સંચાલકે કે સ્ટાફે પ્રવેશના સમયે વારંવાર સમ્જાવીને પ્રોત્સાહિત કરવા દૂર દૂરના જંગલ વિસ્તારમાં ફરવું પડતું હોય છે જે એક સતત શારીરિક, આર્થિક અને માનસિક પરિશ્રમ માંગીલે છે. આ કાર્યો એજ કરી શકે કે જે વ્યક્તિઓ આદિવાસી સમાજનો સતત વિકાસ કરવા માંગતા હો કે કંઈ કરવાની થાન લીધી હોય.

આ પરિશ્રમના ફળસ્વરૂપે આદિવાસી, પછાત જંગલ વિસ્તારમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું નામ અને કામ થઈ રહ્યુ છે. જેના કારણે વાલીયા કેન્દ્રમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો થયેલ છે અને 2000માં કેન્દ્ર શરૂ થયું ત્યારે 9 વિદ્યાર્થીઓની શરૂ કરી ઓગસ્ટ 2007માં 240 વિદ્યાર્થીઓ ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે.

કેન્દ્ર શરૂ થયાથી આજ સુધી વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જ રહી છે જે આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ચાલતા અભ્યાસક્રમો અંગે વિદ્યાર્થીઓમાં આવેલ જાગૃતતા બતાવે છે. ગરીબ વિદ્યાર્થીઓને ભણતર છોડવાનો વખત ન આવે અને પોતાને જરૂરી યોગ્ય ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. તેવી શુદ્ધ ભાવનાથી શરૂ કરેલ આ વાલીયા કેન્દ્ર દ્વારા સમાજના દબાયેલા, કચડાયેલા, ગરીબ આદિવાસી જંગલના ઉંડાણમાં રહેતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના સાનિધ્યમાં કોલેજ, કોલેજના ટ્રસ્ટીશ્રીઓ શિક્ષણનો આદિવાસી વિસ્તારમાં વધારો કરવા માટે તન, મન અને ધનથી પ્રયત્ન કરે છે. જેનું ફળ આવનાર 5 થી 10 વર્ષમાં આ આદિવાસી વિસ્તારમાં વટવૃક્ષની જેમ ફલી અને ફૂલીને જોઈ શકાશે.

આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ઇડરમાં આવેલી મહિલા કોલેજથી શરૂ કરીને પૂર્વપટ્ટી વિસ્તારમાં,દક્ષિણ ગુજરાતના ઉમરગામ સુધીમાં વાલીઆ મહિલા કોલેજ માત્ર આદિવાસી વિસ્તારની ઉચ્ચ શિક્ષણ આપતી વિદ્યાર્થીનીઓ માટેની એક માત્ર કોલેજ છે. કોલેજમાં વિદ્યાર્થીનીઓ વધુને વધુ ઉચ્ચ શિક્ષણમાં જોડાય તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પણ વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ કરવા માટે આવે તેવા જ પ્રયત્ન કરવામાં આવે છે, જેથી ગુજરાત સરકારશ્રીનો કન્યા કેળવણીનો ઉદ્દેશ પણ સિદ્ધ કરવા પ્રયત્ન કરવામાં આવે છે.

**અશ્વિન પંડ્યા □ ચેતના શાહ**

## વહીવટ વિભાગ :

**કુલ સચિવશ્રી તથા નિયામકશ્રીનો ચાર્જ :**

(1) તા.06-09-08થી કુલસચિવશ્રી તથા નિયામકશ્રીનો ચાર્જ હિસાબી અધિકારી શ્રી સુરેન્દ્ર સી. શાહે સંભાળેલ છે.

(2) **નવી નિમણુકો :**

- **કચેરી અધિક્ષક**
  પંડ્યા દિલીપકુમાર ટી. તા.19-12-08
- **કોમ્પ્યુટર ઓપરેટર**
  પટેલ સુહાગ કિરણકુમાર તા.19-12-08
  પટેલ મીતેષકુમાર ગોવિંદભાઈ તા.19-12-08
- **સીનીયર ક્લાર્ક**
  પટેલ શિતલકુમાર સોમાભાઈ તા.22-12-08
  શાહ રોશની ભુપેન્દ્રકુમાર તા.19-12-08
  દિઘોસ્કર જોશુઆ એ. તા.19-12-08
- **પીએ. ટુ. વી. સી.**
  શ્રી શંકરભાઈ સી પટેલ
- **જૂનીયર ક્લાર્ક**
  અભિષેક પંડ્યા
  ગોપાલ સાવલીયા
  કુ. વિધિ એન. શાહ
  મહેશ ઠાકોર

(3) સરકારશ્રી દ્વારા બીનશૈક્ષણિક 34 જગ્યાઓ સેલ્ફ ફાયનાન્સ ધોરણે ભરવા મંજુર કરવામાં આવી છે.

(4) ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો બાબતે વિદ્યાર્થીના વિવિધ પ્રશ્નનો ઉકેલ તેમજ યોગ્ય/પૂરતું માર્ગદર્શન મળી રહે તે માટે અભ્યાસક્રમોની નીચે મુજબ ફાળવણી કરવામાં આવેલ છે. તે મુજબ જેતે કર્મચારીનો સંપર્ક કરવા વિનંતી

## વ્યાખ્યાતાઓની યાદી

| ક્રમ | નામ | અભ્યાસક્રમનું નામ | લેક્ચરર |
|---|---|---|---|
| 1. | શ્રીમતી આર. વી. પવાર | FGP, EPS, મૂલ્યાંકનને લગતું તમામ કાર્ય | રાજ્યશાસ્ત્ર |
| 2. | શ્રીમતી કુસુમબેન બી. શર્મા | FHD, EHD, EST, MHD, DCH, CCP આંગણવાડી, રેક્ટર | હિન્દી |
| 3. | શ્રી દિલીપભાઈ એમ. કાતરિયા | EHI, CCC BAOU, BCA તમામ અભ્યાસક્રમના પ્રશ્નપત્રોને લગતું તમામ કાર્ય | ઈતિહાસ |
| 4. | કુ. હેતલબેન બી. પંડ્યા | EEC, CIC, CPCS, PGDDE, PGDRD, સર્ટિફીકેટ કોર્ષ માર્ક ચેકીંગ, રીચેકીંગ, Statement of Marks, Provisional Certificate વગેરે તમામ કામગીરી | અર્થશાસ્ત્ર |
| 5. | શ્રીમતી જયશ્રીબેન એન. ગુર્જર | BPP મૂલ્યાંકનને લગતું તમામ કાર્ય, ડિપ્લોમા કોર્ષ માર્ક ચેકીંગ, રીચેકીંગ Statement of Marks, Provisional Certificate વગેરે કામગીરી | એજ્યુકેશન |
| 6. | કુ. મિનાક્ષીબેન બી. ચૌહાણ | CTM, CMT, B.ed., Green Sheet Checking B.A., CEC, CCHC, CCAC | એજ્યુકેશન |
| 7. | ડૉ. ધવલભાઈ પંડ્યા | ECO, DPCA, DMCH, DVHW, MVPM, MVRE, DFM, DACA, DAA, DIN, DOR, DVATG, DBCL, DIAU, DDT, M.Com., DIT | કોમર્સ/મેનેજમેન્ટ |
| 8. | ડૉ. મીનાબેન ઈન્દ્રસિંહ રાજપૂત | SC/ST Cell, B.ed., Sp. B.ed., Exam, Green Sheet Checking B.A. | એજ્યુકેશન |
| 9. | શ્રી હરદિપસિંહ આર. ગોહીલ | EEG, CTE, MEG, DCE, Green Sheet Checking B. Com. | અંગ્રેજી |
| 10. | કુ. સુરભીબેન એ. ભપલ | FEG, CFN, CCCD, CES, CPFM, CCSE 1, CTBA, CCBP, CCSE 2, PGDCA | અંગ્રેજી |
| 11. | ડૉ. સુમનબેન ત્રિપાઠી | BDPને લગતું માર્ક ચેકીંગ, રીચેકીંગ, Statement of Marks, Provisional Certificate Migration Certificate વગેરે તમામ કામગીરી | એજ્યુકેશન |
| 12. | શ્રી ભરતજી ઠાકોર | FGT, પરિણામને લગતું તમામ અભ્યાસક્રમ | ગુજરાતી |
| 13. | શ્રી હરદ્વાર ગોસ્વામી | FST, FHS, FGT, CYS, CIN, MGT | ગુજરાતી |
| 14. | શ્રી નવનીતભાઈ ગાયકવાડ | ESO, CHR, CEA, CALT, MSO, MSW | સમાજશાસ્ત્ર |
| 15. | કુ. પારૂલબેન દવે | EPA, P.hd., Sp. B. ed., MADE, M. ed., CFCP 1 & 2 | એજ્યુકેશન |
| 16. | શ્રીમતી દક્ષાબેન ઠાકર | MSO, MSW, પ્રવેશવિભાગ CRW | રીડર |
| 17. | શ્રીમતી ચેતનાબેન શાહ | BLIS, PGJMC | લાયબ્રેરીયન |

## (4) જિલ્લા પ્રભારીની નિમણુક :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમ બાબતે - વિદ્યાર્થીના વિવિધ પ્રશ્નનો ઉકેલ તેમજ યોગ્ય / પૂરતું માર્ગદર્શન મળી રહે તે માટે અભ્યાસક્રમોની ફાળવણી નીચે મુજબ કરવામાં આવેલ છે. તે મુજબ જે તે કેન્દ્રના સંયોજકશ્રીઓએ જીલ્લાના પ્રભારીનો સંપર્ક કરવો.

| ક્રમ | જીલ્લાનું નામ | કેન્દ્રો | વ્યાખ્યાતાનું નામ |
|---|---|---|---|
| 1. | અમદાવાદ | 65 | ડૉ. પારૂલબેન દવે, શ્રીમતી મીનાબેન, ડૉ. હેતલબેન |
| 2. | અમરેલી | 14 | શ્રી હરદ્વારભાઈ ગોસ્વામી |
| 3. | ભૂજ | 06 | શ્રી દિલીપભાઈ કાતરીયા |
| 4. | આણંદ | 24 | શ્રીમતી કુસુમબેન શર્મા |
| 5. | ગાંધીનગર | 26 | શ્રીમતી રૂપલબેન પવાર |
| 6. | જામનગર | 08 | શ્રી હરદિપસિંહ ગોહિલ |
| 7. | જૂનાગઢ | 22 | શ્રી હરદ્વારભાઈ ગોસ્વામી |
| 8. | ડાંગ-આહવા | Nil | શ્રી નવનીતભાઈ ગાયકવાડ |
| 9. | દાહોદ | 05 | ડૉ. ધવલભાઈ પંડ્યા |
| 10. | બનાસકાંઠા | 20 | ડૉ. ધવલભાઈ પંડ્યા |
| 11. | ભરૂચ | 07 | કુ. મિનાક્ષીબેન ચૌહાણ |
| 12. | ભાવનગર | 12 | શ્રી હરદ્વારભાઈ ગોસ્વામી |
| 13. | મહેસાણા | 27 | શ્રી ભરતભાઈ ઠાકોર |
| 14. | રાજકોટ | 28 | કુ. સુરભીબેન ભપલ |
| 15. | વડોદરા | 13 | શ્રી નવનીતભાઈ ગાયકવાડ, |
| 16. | પંચમહાલ | 11 | ડૉ. ધવલભાઈ પંડ્યા |
| 17. | સાબરકાંઠા | 27 | શ્રીમતી રૂપલબેન પવાર |
| 18. | સુરત | 09 | શ્રી નવનીતભાઈ ગાયકવાડ |
| 19. | પોરબંદર | 03 | શ્રી હરદિપસિંહ ગોહિલ |
| 20. | સુરેન્દ્રનગર | 13 | શ્રી હરદિપસિંહ ગોહિલ |
| 21. | નવસારી | 03 | શ્રી નવનીતભાઈ ગાયકવાડ |
| 22. | નર્મદા | 02 | શ્રી નવનીતભાઈ ગાયકવાડ |
| 23. | પાટણ | 10 | શ્રી ભરતભાઈ ઠાકોર |
| 24. | વલસાડ | 05 | શ્રી નવનીતભાઈ ગાયકવાડ |
| | | કુલ : 360 | |

## પ્રવેશ વિભાગ :

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા લગભગ તમામ અભ્યાસક્રમો અંગેના ઓગષ્ટ 2008ના સત્રને લગતી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. જેમાંના કુલ 22077 ફોર્મ મળેલ અને તેમાથી 50 કરતા વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયેલા હોય તેવા 145 કેન્દ્રો પર વિદ્યાર્થીઓના નામ, સરનામા અને એનરોલમેન્ટ નંબર વાળી યાદી મોકલી આપવામાં આવેલ છે. ડિસેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં જેને કેન્દ્રમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યા અંગેની યાદી યુનિવર્સિટી વેબ સાઈટ પર જોઈ શકાશે.

50 થી ઓછી સંખ્યાવાળા કેન્દ્રોને સુશુપ્ત રાખી તેમના વિદ્યાર્થીઓને નજીકના અભ્યાસ કેન્દ્રોપર તબદીલ કરવામાં આવેલ છે. જે અંગેની તમામ કેન્દ્રોએ કાળજી લેવી. બાકીના તમામ અભ્યાસ કેન્દ્રોએ અભ્યાસ સામગ્રી મળ્યેથી થિયરી તેમજ પ્રેક્ટીકલના વર્ગો શરૂ કરવાના રહેશે. બીજી યાદીના તમામ વિદ્યાર્થીઓના ઓળખ પત્રો તેમજ પ્રવેશ અંગેની જાણકારી આપતા પત્રો મોકલવામાં આવી રહ્યા છે.

જે કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ કોઈ ક્ષતિને કારણે થઈ શક્યો હોય, તો તે અંગે પ્રવેશ વિભાગનો 20 દિવસમાં સંપર્ક કરી ક્ષતિપૂર્ણ કરાવવી. આ અંગે યુનિવર્સિટી દ્વારા દરેક વિદ્યાર્થીને જાણ લેખીત પત્ર દ્વારા પણ કરવામાં આવી રહેલ છે. જો વિદ્યાર્થી સુચવેલ સમય મર્યાદામાં ક્ષતિ દુર નહી કરે તો તેનો પ્રવેશ આપોઆપ રદ કરવામાં આવશે.

**દક્ષાબેન ઠાકર ☐ હરદિપસિંહ ગોહિલ**

## પરીક્ષા વિભાગ :

પરીક્ષા વિભાગ દ્વારા Oct.-07 માં લેવાયેલ CCC પરીક્ષાનાં પ્રમાણપત્ર તથા એપ્રિલ-2008માં લેવામાં આવેલ CCC પરીક્ષાની માર્કશીટ અને પ્રમાણપત્રો દરેક કેન્દ્ર પર મોકલી આપવામાં આવેલ છે.

**- દિલીપ કાતરીયા**

## સ્વાધ્યાય-વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઓગસ્ટ - 2008ના પ્રવેશ સત્રના વિદ્યાર્થીઓ માટે બી.એ. / બી.કોમ., ડિપ્લોમાં તેમજ માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમોના સ્વાધ્યાય કાર્ય અભ્યાસકેન્દ્ર પર મોકલાવેલ છે. જેવી વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસકેન્દ્ર પરથી પરિચય બેઠકના દિવસે અતીતકાર્ય મેળવીને સમય-મર્યાદામાં તૈયાર કરીને પોતાના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવી શકે. દરેક અભ્યાસકેન્દ્રના સંયોજકશ્રીઓને જણાવવાનું કે દરેક અભ્યાસક્રમ પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્યોની એક-એક કોપી ફાઈલમાં રાખવાની રહેશે. જેથી જૂના વિદ્યાર્થીઓને (ઓગસ્ટ-2008 પહેલાં) ઝેરોક્ષ કરીને આપી શકાય. કારણ કે ઓગસ્ટ-08થી માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમોમાં તેમજ

ઓગસ્ટ-2009થી બી.એ/બી.કોમ. ડિપ્લોમાંના વિદ્યાર્થીઓ માટે સ્વાધ્યાય કાર્ય પદ્ધતિમાં APB ની માન્યતા દ્વારા ફેરબદલ થયેલ છે. પણ જૂના વિદ્યાર્થીઓને જૂની પદ્ધતિ મુજબ સત્રીયકાર્ય તૈયાર કરી જમા કરાવવાના રહેશે.

વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ દરેક અભ્યાસકેન્દ્રના સંયોજકશ્રીઓને સ્વાધ્યાયકાર્યના માર્ક્સના તમામ રેકોર્ડર્સની ઝેરોક્ષ કોપી યુનિવર્સિટી ખાતે મોકલવા પત્ર દ્વારા જણાવવામાં આવેલ છે. તે અન્વયેની કાર્યવાહી તુરત હાથધરવા નમ્ર વિનંતી.

**ડૉ. કુસુમ શર્મા**

## રેડિયો પ્રોગ્રામ

